- ✓ A. DWP
- ✗ B. DWE
- ✗ C. DEW
- ✗ D. DPW

Blackbook
Get India's No 1 Vocab Preparation App for FREE : Blackbook : English Vocabulary
GET IT ON Google Play

**Q.40** નીતિન પોઈન્ટ A થી ડ્રાઈવ કરવાનું શરૂ કરે છે અને દક્ષિણ તરફ 12 km ડ્રાઈવ કરે છે. પછી તે ડાબો વળાંક લે છે, 15 km ડ્રાઈવ કરે છે, ડાબે વળે છે અને 14 km ડ્રાઈવ કરે છે. ત્યારબાદ તે ડાબો વળાંક લે છે અને 19 km ડ્રાઈવ કરે છે. તે છેલ્લો ડાબો વળાંક લઈને 2 km ડ્રાઈવ કરે છે અને પોઈન્ટ P પર રોકાય છે. પોઈન્ટ A પર ફરીથી પહોંચવા માટે તેણે કેટલું દૂર (સૌથી ઓછું અંતર) અને કઈ દિશામાં ડ્રાઈવ કરવું જોઈએ? (બધા વળાંકો ફક્ત 90 અંશ (ડિગ્રી) ના વળાંકો છે સિવાય કે ઉલ્લેખિત હોય.)

**Ans**
- ✗ A. 6 km પૂર્વ તરફ
- ✓ B. 4 km પૂર્વ તરફ
- ✗ C. 6 km પશ્ચિમ તરફ
- ✗ D. 4 km પશ્ચિમ તરફ

**Q.41** નીચે આપેલી શ્રેણીમાં પ્રશ્ન ચિહ્ન (?)ના સ્થાને શું આવવું જોઈએ?

90 106 74 122 ? 138

**Ans**
- ✗ A. 60
- ✗ B. 56
- ✗ C. 57
- ✓ D. 58

**Q.42** સાત બોક્સ M, N, O, P, Q, R અને S એકની ઉપર બીજુ એમ રાખવામાં આવ્યા છે, પરંતુ જરૂરી નથી કે તે જ ક્રમમાં રાખવામાં આવ્યા હોય.
માત્ર R ને Mની ઉપર રાખવામાં આવ્યું છે. M અને P ની વચ્ચે ફક્ત બે બોક્સ રાખવામાં આવ્યા છે.માત્ર N ને S નીચે રાખવામાં આવ્યું છે. O ને P ની લગોલગ ઉપર રાખવામાં આવ્યું નથી.
Q અને N ની વચ્ચે કેટલા બોક્સ રાખવામાં આવ્યા છે?

**Ans**
- ✗ A. ચાર
- ✗ B. બે
- ✗ C. એક
- ✓ D. ત્રણ

**Q.43** જો '+' અને '−' ની પરસ્પર અદલાબદલી કરવામાં આવે અને '×' અને '÷' ની પણ પરસ્પર અદલાબદલી કરવામાં આવે, તો નીચેના સમીકરણમાં પ્રશ્નચિહ્ન (?) ના સ્થાને શું આવશે?
18 ÷ 72 × 9 + 72 − 16 = ?

**Ans**
- ✗ A. 81
- ✓ B. 88
- ✗ C. 83
- ✗ D. 80

**Q.44** અંગ્રેજી મૂળાક્ષરોના ક્રમના આધારે AEGJ એક ચોક્કસ રીતે FJLO સાથે સંબંધિત છે. તે જ રીતે, MQSV એ RVXA સાથે સંબંધિત છે. તો આ સમાન તર્કને અનુસરીને, OSUX નીચેનામાંથી કયા વિકલ્પ સાથે સંબંધિત છે?

**Ans**
- ✓ A. TXZC
- ✗ B. TYYF
- ✗ C. TWYC
- ✗ D. TXYC

**Q.45** 26 એ અમુક ચોક્કસ તર્કને અનુસરીને 130 સાથે સંબંધિત છે. તે જ તર્કને અનુસરીને, 32 એ 160 સાથે સંબંધિત છે. સમાન તર્કને અનુસરીને 62 એ આપેલા વિકલ્પોમાંથી કયા વિકલ્પની સાથે સંબંધિત છે? (નોંધ: સંખ્યાઓને તેમના ઘટક અંકોમાં વિભાજીત કર્યા વિના, પૂર્ણ સંખ્યાઓ પર ક્રિયાઓ (Operations) કરવાની રહેશે. દા.ત. 13 લો – 13 આ સંખ્યા પર ક્રિયાઓ, જેમ કે 13 માં સરવાળો/ બાદબાકી/ ગુણાકાર વગેરે પૂર્ણ 13 પર કરી શકાય છે. 13 ને 1 અને 3 માં જુદી પાડીને ત્યારબાદ 1 અને 3 પર ગાણિતિક ક્રિયાઓ કરવાની છૂટ નથી.)

**Ans**
- ✗ A. 330
- ✗ B. 340
- ✓ C. 310
- ✗ D. 320

Blackbook

Get India's No 1 Vocab Preparation App for FREE : Blackbook : English Vocabulary

GET IT ON Google Play

**Q.46** નીચે આપેલી શ્રેણીમાં પ્રશ્નચિહ્ન (?) ના સ્થાને શું આવવું જોઈએ?

2 10 43 176 709 ?

**Ans**
- ✗ A. 2990
- ✓ B. 2842
- ✗ C. 4202
- ✗ D. 4112

**Q.47** જો સંખ્યા 7421836 માં દરેક એકી અંકમાં 1 ઉમેરવામાં આવે અને દરેક બેકી અંકમાંથી 2 બાદ કરવામાં આવે, તો આ રીતે બનતી નવી સંખ્યામાં ડાબી બાજુએથી બીજા સ્થાને અને જમણી બાજુએથી બીજા સ્થાને રહેલા અંકો વચ્ચેનો તફાવત કેટલો હશે?

**Ans**
- ✗ A. 3
- ✗ B. 0
- ✗ C. 1
- ✓ D. 2

**Q.48** એક પ્રશ્ન પછી (I) અને (II) થી ક્રમાંકિત બે વિધાનો આપવામાં આવ્યા છે. તમારે નક્કી કરવાનું છે કે વિધાનોમાં આપેલી માહિતી એ પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે કે નહીં. બંને વિધાનોને વાંચીને સૌથી યોગ્ય જવાબ પસંદ કરો.

પ્રશ્ન:
પાંચ વ્યક્તિઓ - અબીર, ચરિતા, ધ્રુવ, એશિકા અને ફારિસ - એક સીધી રેખામાં ઉત્તર દિશા તરફ મુખ રાખીને બેસે છે. સૌથી ડાબા છેડે કોણ બેસે છે?

વિધાનો:
(I) અબીર એ ચરિતાની તરત જ ડાબી બાજુએ બેસે છે, અને ધ્રુવ એ એશિકાની તરત જ ડાબી બાજુએ બેસે છે.
(II) ફારિસ એ એશિકાની તરત જ જમણી બાજુએ બેસે છે.

**Ans**
- ✗ A. વિધાન I માં આપેલી માહિતી એકલી જ પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે, જ્યારે કે વિધાન II માં આપેલી માહિતી પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી નથી.
- ✗ B. વિધાન I અને II માં આપેલી માહિતીને એકસાથે લેતા (અને વિધાન I અથવા વિધાન II ની માહિતીને એકલી રીતે ધ્યાનમાં ન લેતા) તે પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે.
- ✗ C. વિધાન II માં આપેલી માહિતી એકલી જ પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે, જ્યારે કે વિધાન I માં આપેલી માહિતી પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી નથી.
- ✓ D. વિધાન I અને II માં આપેલી માહિતીને એકસાથે લેતા તે પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી નથી.

**Q.49** નીચે આપેલી અક્ષર શ્રેણીનો અભ્યાસ કરો અને તેની નીચે આપેલા પ્રશ્નનો જવાબ આપો. ગણતરી ફક્ત ડાબી બાજુથી જમણી બાજુ કરવાની છે.

(ડાબી બાજુ) X H M F T C A Z F V N J R D T V W I O K U Y H (જમણી બાજુ)

એવા કેટલા વ્યંજનો છે, જે દરેકની તરત જ પહેલા એક સ્વર આવે છે અને તરત જ પછી એક સ્વર પણ આવે છે?

**Ans**
- ✗ A. ત્રણ
- ✗ B. બે
- ✗ C. એકપણ નહીં
- ✓ D. એક

**Q.50** એક ચોક્કસ સાંકેતિક ભાષામાં, 'JARS' નો સંકેત '4763' છે અને 'ARMS' નો સંકેત '3657' છે. તો આપેલ સાંકેતિક ભાષામાં, 'M' માટેનો સંકેત શું છે?

**Ans**
- ✓ A. 5
- ✗ B. 4
- ✗ C. 3
- ✗ D. 7

Section : **General Science**

Blackbook

Get India's No 1 Vocab Preparation App for FREE : **Blackbook : English Vocabulary** GET IT ON Google Play

Q.51 એક દોડવીર સીધા ટ્રેક પર ગતિ કરે છે. પ્રથમ 4 સેકન્ડ માટે, તે 5 m/s ના અચળ વેગથી દોડે છે. આગામી 4 સેકન્ડ માટે, તે નિયમિત રીતે પ્રતિપ્રવેગિત (decelerates) થાય છે અને સ્થિર સ્થિતિમાં આવે છે. તો 8 સેકન્ડમાં તેણે કાપેલું કુલ અંતર કેટલું છે?

Ans
✔ A. 30 મીટર
✘ B. 32 મીટર
✘ C. 36 મીટર
✘ D. 28 મીટર

Q.52 કયો કાર્બન સંયોજન યોગશીલ (addition) પ્રતિક્રિયા દર્શાવે તેવી સંભાવના સૌથી ઓછી છે?

Ans
✘ A. પેન્ટાઈન (Pentyne)
✘ B. પેન્ટાડાઈન (Pentadiene)
✘ C. પેન્ટીન (Pentene)
✔ D. પેન્ટેન (Pentane)

Q.53 એક વસ્તુને 15 cm કેન્દ્રલંબાઈ ધરાવતા અપસારી (diverging) લેન્સથી 10 cm અંતરે મૂકવામાં આવે છે. રચાતા પ્રતિબિંબનું સ્થાન ક્યાં હશે?

Ans
✔ A. વસ્તુની તરફની જ બાજુએ લેન્સથી 6 cm અંતરે
✘ B. લેન્સથી બીજી બાજુએ 15 cm અંતરે
✘ C. લેન્સથી બીજી બાજુએ 30 cm અંતરે
✘ D. લેન્સથી બીજી બાજુએ 8.6 cm અંતરે

Q.54 જો મેગ્નેશિયમના એક પરમાણુમાંથી એક પ્રોટોન દૂર થાય (ગુમાવે), તો તેના પરમાણુ ક્રમાંક અને ઓળખ (identity)નું શું થાય છે?

Ans
✘ A. પરમાણુ ક્રમાંક એકથી વધે છે પરંતુ તે મેગ્નેશિયમ જ રહે છે
✘ B. પરમાણુ ક્રમાંક બદલાતો નથી પરંતુ તે આયન બને છે
✔ C. પરમાણુ ક્રમાંક એકથી ઘટે છે અને તે એક નવું તત્વ બને છે
✘ D. પરમાણુ ક્રમાંક એકથી વધે છે અને તે સમસ્થાનિક (આઈસોટોપ) બને છે

Q.55 નીચેનામાંથી કયા કોષો ચાલનીનલિકાના કોષોના કોષીય (sieve tube cells) કાર્યોનું નિયમન કરે છે?

Ans
✔ A. સાથી કોષો (Companion cells)
✘ B. જલવાહિનીઓ (Xylem vessels)
✘ C. અન્નવાહક તંતુઓ (Phloem fibre)
✘ D. અન્નવાહક મૃદુતક (Phloem paranchyma)

Q.56 નીચેનામાંથી કઈ રક્તવાહિની મુખ્યત્વે રક્ત અને પેશીઓ વચ્ચે પોષક તત્ત્વો અને ઉત્સર્ગ દ્રવ્યોની આપ-લે માટે જવાબદાર છે?

Ans
✘ A. શિરાઓ
✘ B. ધમનીઓ
✘ C. લસિકા વાહિનીઓ (Lymphatic vessels)
✔ D. રુધિરકેશિકાઓ (Capillaries)

Q.57 મોટાભાગના આયનીય સંયોજનો સાથે કયો ગુણધર્મ સૌથી વધુ સંકળાયેલો છે?

Ans
✘ A. પીગળેલી અવસ્થામાં મંદ વિદ્યુત વાહકતા
✘ B. પાણીમાં ઓછી દ્રાવ્યતા
✔ C. ઉચ્ચ ગલન અને ઉત્કલન બિંદુઓ
✘ D. ઘન અવસ્થામાં નરમ અને બરડપણું

Q.58 નીચે આપેલામાંથી કયું વિધાન કોષવાદ ( cell theory)નો મુખ્ય વિચાર બતાવે છે?

Ans
✘ A. કોષો ફક્ત પ્રાણીઓમાં જ જોવા મળે છે.
✔ B. બધા જ સજીવો કોષોના બનેલા છે.
✘ C. કોષો ફક્ત સૂક્ષ્મદર્શક યંત્ર વડે જ જોઈ શકાય છે.
✘ D. કોષો જીવન પ્રક્રિયાઓ ચલાવતા નથી.

Blackbook

Get India's No 1 Vocab Preparation App for FREE : Blackbook : English Vocabulary
GET IT ON Google Play

**Q.59** કયું વિધાન યોગશીલ પ્રતિક્રિયાનું સાચું વર્ણન કરે છે?

Ans
- ✗ A. સંયોજન બે નીપજોમાં વિભાજિત થાય છે.
- ✗ B. બે દ્રાવણોમાંથી ઘન પદાર્થ બને છે.
- ✗ C. સંયોજનમાં એક પરમાણું બીજા પરમાણુંનું સ્થાન લે છે.
- ✓ D. બે પદાર્થો જોડાઈને એક નીપજ બનાવે છે.

**Q.60** એક વિદ્યુતપ્રવાહધારિત વાહકને શિરોલંબ દિશામાં નીચે તરફના ચુંબકીય ક્ષેત્રમાં મૂકવામાં આવ્યો છે. આ વાહક ક્ષિતિજ સમાંતર પશ્ચિમથી પૂર્વ દિશામાં ગોઠવાયેલો છે. આ વાહક પર લાગતું બળ _____ હશે.

Ans
- ✗ A. પશ્ચિમ તરફ.
- ✗ B. પૂર્વ તરફ.
- ✗ C. દક્ષિણ તરફ.
- ✓ D. ઉત્તર તરફ.

**Q.61** વર્ગખંડના પ્રયોગમાં, એક વિદ્યાર્થી કંપિત ધ્વનિ ચીપિયાને (tuning fork) પછાડ્યા પછી તેની ભુજાઓ (prongs) ને ચુસ્તરીતે પકડી રાખે છે અને ધ્યાનથી સાંભળે છે. કોઈ અવાજ સંભળાતો નથી. કયું સ્પષ્ટીકરણ આ અવલોકન સાથે શ્રેષ્ઠ બંધબેસે છે?

Ans
- ✗ A. તે અવાજ ઉત્પન્ન કરવા માટે તેને ખૂબ હળવાશથી મારવામાં આવ્યો હતો
- ✗ B. કંપિત ધ્વનિ ચીપિયો ધાતુનો બનેલો છે
- ✓ C. હાથ દ્વારા કંપન શોષાઈ જાય છે
- ✗ D. આસપાસની હવા અવાજને અટકાવે છે

**Q.62** કોઈ વસ્તુ પર અચળ બળ દ્વારા થતું કાર્ય ક્યારે શૂન્ય થાય છે?

Ans
- ✗ A. જ્યારે બળ સતત લાગુ કરવામાં આવે
- ✓ B. કોઈ વિસ્થાપન ન થાય ત્યારે
- ✗ C. જ્યારે ઝડપ અચળ રહે
- ✗ D. જ્યારે દળ અચળ રહે

**Q.63** જો કોઈ ઉપકરણ અચળ પાવર પર કામ કરતું હોય, તો જો તે ઉપકરણ વધુ સમય માટે ચલાવવામાં આવે તો થયેલ કુલ કાર્ય વિશે કયો વિકલ્પ સાચો છે ?

Ans
- ✓ A. વધુ સમય સાથે થયેલ કુલ કાર્ય વધે છે.
- ✗ B. જેમ જેમ સમય વધે છે તેમ થયેલ કુલ કાર્ય ઘટે છે.
- ✗ C. અચળ પાવર પર કાર્ય અને સમય અસંબંધિત છે.
- ✗ D. સમયથી સ્વતંત્ર, થયેલ કુલ કાર્ય સમાન રહે છે.

**Q.64** એક શહેર વધતા જતા કચરાના નિકાલ માટે નદી અને ખેતરની નજીક લેન્ડફિલ (કચરો દાટવાની જગ્યા) બનાવવાનું આયોજન કરી રહ્યું છે. શહેરી વિકાસને ટેકો આપવાની સાથે ઇકોસિસ્ટમ (પર્યાવરણ તંત્ર) નું શ્રેષ્ઠ રક્ષણ કઈ વ્યૂહરચના કરે છે?

Ans
- ✗ A. કોઈપણ વધારાના પગલાં લીધા વિના લેન્ડફિલને દૂરના ગ્રામીણ વિસ્તારમાં સ્થાનાંતરિત કરવી.
- ✗ B. અંતિમ ઉપાય તરીકે શહેરના કચરાનો સીધો નદી અને ખેતરમાં નિકાલ કરવો.
- ✓ C. રક્ષણાત્મક લાઇનર્સ સાથે લેન્ડફિલ બનાવવી અને સમુદાયના રિસાયક્લિંગ કાર્યક્રમો માટે ભંડોળ પૂરું પાડવું.
- ✗ D. લેન્ડફિલના કચરાને ઘટાડવા માટે નદીની નજીક ઇન્સિનરેટર (કચરો બાળવાની ભઠ્ઠીઓ) બનાવવી.

**Q.65** એક તરફથી પ્રકાશ આવતો હોય તેવી હાઇડ્રોપોનિક સિસ્ટમ (hydroponic system) માં, કઈ વ્યૂહરચના બીનના છોડ (bean plant) ની મહત્તમ ઊભી (vertical) વૃદ્ધિને પ્રોત્સાહન આપશે?

Ans
- ✗ A. એક જ પ્રકાશ હેઠળ છોડને સ્થિર રાખવા
- ✗ B. પ્રકાંડની મજબૂતાઈને ટેકો આપવા માટે માત્ર કૃત્રિમ પવનનો ઉપયોગ કરવો
- ✗ C. એકંદર વૃદ્ધિને ઝડપી બનાવવા માટે વધારાના પોષક તત્વો ઉમેરવા
- ✓ D. સમાન પ્રકાશ મેળવવા માટે છોડને નિયમિતપણે ફેરવતા રહેવું

Blackbook

Get India's No 1 Vocab Preparation App for FREE : Blackbook : English Vocabulary GET IT ON Google Play

**Q.66** **નીચેનામાંથી કયો ક્રમ વનનાબૂદી (જીવાવરણ) ની અસરોનું વર્ણન કરે છે, જેના કારણે વાતાવરણ, જલાવરણ અને મૃદાવરણમાં અનુવર્તી ફેરફારો થાય છે?**

**Ans**
- ✗ A. વનનાબૂદી માત્ર પ્રાણીઓના રહેઠાણોને ઘટાડે છે અને ખાદ્ય સંસાધનોની ઉપલબ્ધતામાં ઘટાડો કરે છે.
- ✗ B. વનનાબૂદી ફળદ્રુપ જમીનને બંજર (ઉજ્જડ) બનાવે છે અને તે વાતાવરણ તથા જલાવરણને અસર કરતું નથી.
- ✓ C. વનનાબૂદી કાર્બન ડાયોક્સાઇડમાં વધારો કરે છે, જમીનનું ધોવાણ કરે છે અને જળ પ્રવાહની પેટર્નમાં ફેરફાર કરે છે.
- ✗ D. વનનાબૂદીથી જમીનનું ધોવાણ થાય છે જે માત્ર જમીનને જ અસર કરે છે અને પાણી તથા હવાને બદલાયા વગરના છોડી દે છે.

**Q.67** **તેની સપાટીની પ્રક્રિયા (surface treatment) દરમિયાન એલ્યુમિનિયમનું એનોડાઇઝિંગ (anodising) કરવાનો મુખ્ય હેતુ શું છે?**

**Ans**
- ✗ A. એલ્યુમિનિયમની વિદ્યુત વાહકતા વધારવી
- ✗ B. એલ્યુમિનિયમને મિશ્રધાતુમાં રૂપાંતરિત કરવું
- ✗ C. સપાટી પરથી ઓક્સાઇડનું સ્તર સંપૂર્ણપણે દૂર કરવું
- ✓ D. ક્ષારણ અટકાવવા માટે ઓક્સાઇડનું જાડું સ્તર બનાવવું

**Q.68** **પરમાણુ માટે થોમસને આપેલ નમૂના સંબંધિત નીચેના વિધાનો પર વિચારણા કરો.**

**વિધાન I: અણુ એ ધનભારનો ગોળો છે, જેની અંદર ઇલેક્ટ્રોન વિખરાયેલા હોય છે.**
**વિધાન I: થોમસને આપેલ નમૂનો પરમાણુમાં કેન્દ્રકની હાજરીને સમજાવી શકે છે.**

**નીચેનામાંથી કયું સાચું છે?**

**Ans**
- ✗ A. I અને II બંને વિધાનો ખોટા છે
- ✓ B. ફક્ત વિધાન I સાચું છે
- ✗ C. I અને II બંને વિધાનો સાચા છે
- ✗ D. ફક્ત વિધાન II સાચું છે

**Q.69** **60 મિનિટની મુસાફરી દરમિયાન, એક હાઈકર 2 km ઉત્તર તરફ, પછી 2 km પૂર્વ તરફ, અને અંતે 2 km દક્ષિણ તરફ ગતિ કરે છે. સમગ્ર મુસાફરી માટે હાઈકરની સરેરાશ ઝડપની સરખામણીમાં તેના સરેરાશ વેગનું મૂલ્યાંકન કરતાં, નીચેનામાંથી કયું અવલોકન સૌથી વધુ સચોટ છે?**

**Ans**
- ✗ A. બધા જ ભાગ સમાન લંબાઈના હોવાથી સરેરાશ વેગ એ સરેરાશ ઝડપ જેટલો જ છે.
- ✗ B. ગતિ સીધી રેખામાં હોવાને કારણે સરેરાશ વેગએ સરેરાશ ઝડપ કરતા વધુ છે.
- ✗ C. સરેરાશ વેગ શૂન્ય છે કારણ કે હાઈકરનો માર્ગ ત્રિકોણ બનાવે છે.
- ✓ D. સ્થાનાંતર અને કુલ અંતર વચ્ચેના તફાવતને કારણે સરેરાશ વેગ એ સરેરાશ ઝડપ કરતાં ઓછો છે.

**Q.70** **પાણીમાં સાબુ દ્વારા બનતા મિસેલ (micelles)ના કાર્યનું શ્રેષ્ઠ વર્ણન કયું વિધાન કરે છે?**

**Ans**
- ✓ A. મિસેલ તૈલી મેલને પોતાના અધ્રુવીય કેન્દ્રમાં જકડી લે છે (એકત્રિત કરે છે) અને પાણીમાં વિખેરાઈ જાય છે.
- ✗ B. મિસેલ મેલને ઓગાળવા માટે પાણીની pH બદલે છે.
- ✗ C. મિસેલ માત્ર પાણીની ગેરહાજરીમાં જ બને છે.
- ✗ D. મિસેલ સફાઇ માટે પાણીના અણુઓને આયનોમાં તોડી નાખે છે.

**Q.71** **નીચેનામાંથી કયું વિષમાંગ મિશ્રણ (heterogeneous mixture) નું શ્રેષ્ઠ ઉદાહરણ છે?**

**Ans**
- ✓ A. રેતી અને લોખંડના વહેરની રજ (Sand and iron filings)
- ✗ B. સરકો (Vinegar)
- ✗ C. મીઠાનું પાણી (Salt water)
- ✗ D. હવા (Air)

**Q.72** **પરાગનયન પછી પરાગનલિકા (pollen tube) નું મુખ્ય કાર્ય શું છે?**

**Ans**
- ✗ A. ફળની દીવાલ (fruit wall) તરીકે વિકાસ પામવું
- ✗ B. પરાગવાહકો માટે નેક્ટર ઉત્પન્ન કરવું
- ✗ C. પુષ્પને કીટકોથી બચાવવું
- ✓ D. નર જન્યુઓ (male gametes) ને અંડક સુધી લઈ જવા

Get India's No 1 Vocab Preparation App for FREE : Blackbook : English Vocabulary
GET IT ON Google Play

**Q.73** વાતાવરણ કરતાં મહાસાગરોમાં કાર્બનનું પ્રમાણ સચોટપણે કેટલું છે તેની સરખામણી કયું વિધાન કરે છે?

**Ans**
- ✗ A. વાતાવરણ અને મહાસાગરો સમાન માત્રામાં કાર્બનનો સંગ્રહ કરે છે.
- ✗ B. વાતાવરણ એ પૃથ્વી પરના મહાસાગરો કરતાં સૌથી મોટું કાર્બન ભંડાર છે.
- ✓ C. મહાસાગરો વાતાવરણ કરતાં કાર્બનના ઘણા મોટા ભંડાર તરીકે કાર્ય કરે છે.
- ✗ D. મહાસાગરો વૈશ્વિક કાર્બનના કુલ જથ્થામાંથી માત્ર થોડી ટકાવારી જ સંગ્રહ કરે છે.

**Q.74** એકસમાન ગતિ માટેના વેગ-સમય આલેખમાં, રેખા નીચેનું ક્ષેત્રફળ શું દર્શાવે છે?

**Ans**
- ✗ A. પદાર્થ પર લાગુ પડેલું બળ
- ✗ B. પદાર્થનું દળ
- ✗ C. પદાર્થનો પ્રવેગ
- ✓ D. પદાર્થનું વિસ્થાપન

**Q.75** વિદ્યાર્થી એક અવિભેદિત કાયવાળા (undifferentiated body) જળચર છોડનું અવલોકન કરે છે, જેમાં પદાર્થોનું આસપાસનાં પાણી સાથે પ્રત્યક્ષ વિનિમય થાય છે. તે કયા વનસ્પતિ જૂથ (group) સાથે સંબંધિત છે?

**Ans**
- ✓ A. એકાંગી (Thallophyta)
- ✗ B. ત્રિઅંગી (Pteriodophyta)
- ✗ C. દ્વિઅંગી (Bryophyta)
- ✗ D. લાઈકેન (Lichen)

**Q.76** એક રસાયણશાસ્ત્રી રેતી અને કાદવવાળા પાણીના મિશ્રણને અલગ કરવા માંગે છે. આ કરવા માટે તે ફિલ્ટર પેપર અને ગળણી (funnel) નો ઉપયોગ કરે છે. નિલંબન (suspension) ના ગુણધર્મોના આધારે, આ પદ્ધતિ શા માટે અસરકારક છે તે દર્શાવતું કયું વિધાન સાચું છે?

**Ans**
- ✗ A. બધા જ મિશ્રણોને માત્ર ચુંબકનો ઉપયોગ કરીને અલગ કરી શકાય છે.
- ✗ B. લંબનના કણો પાણીમાં સંપૂર્ણપણે ઓગળી જાય છે.
- ✗ C. નિલંબનને ગાળણક્રિયા દ્વારા અલગ કરી શકાતું નથી અને તેના માટે બાષ્પીભવન જરૂરી છે.
- ✓ D. નિલંબનના કણો એટલા મોટા હોય છે કે તેઓ ફિલ્ટર પેપર દ્વારા રોકાઈ જાય છે.

**Q.77** એક વિદ્યાર્થી સીધી રેખામાં ચાલતી વખતે 50 સેકન્ડમાં આવરી લેવાયેલ કુલ અંતર 200 મીટર સ્થાનાંતર 120 મીટર તરીકે નોંધે છે. આ પરિસ્થિતિમાં સરેરાશ ઝડપ અને સરેરાશ વેગ વચ્ચેના સંબંધને કયું વિધાન શ્રેષ્ઠ રીતે દર્શાવે છે?

**Ans**
- ✗ A. સરેરાશ વેગ એ સરેરાશ ઝડપ કરતાં વધારે છે કારણ કે સ્થાનાંતર એ અંતર કરતાં ઓછું છે.
- ✓ B. સરેરાશ ઝડપ એ સરેરાશ વેગ કરતાં વધારે છે કારણ કે કુલ અંતર એ સ્થાનાંતર કરતાં વધારે છે.
- ✗ C. સરેરાશ ઝડપ એ સરેરાશ વેગ કરતાં ઓછી છે કારણ કે સ્થાનાંતર એ અંતર કરતાં ઓછું છે.
- ✗ D. સરેરાશ ઝડપ એ સરેરાશ વેગ જેટલી જ છે કારણ કે બંનેની ગણતરી સમાન સમય માટે કરવામાં આવી છે.

**Q.78** 'X' kg દળવાળી એક વસ્તુ જ્યારે 2 m/s ના વેગથી ગતિ કરે છે ત્યારે તેની ગતિજ ઊર્જા 200 J છે. X નું મૂલ્ય શું હશે?

**Ans**
- ✗ A. 200 kg
- ✗ B. 50 kg
- ✗ C. 400 kg
- ✓ D. 100 kg

**Q.79** નિયમિત પ્રતિવેગ (uniform retardation) સાથે ગતિ કરતા પદાર્થ માટે, વેગ–સમયનો આલેખ ઋણ _____ હોય છે.

**Ans**
- ✗ A. સમય અક્ષને સમાંતર એક સીધી રેખા
- ✗ B. વક્ર રેખા
- ✓ C. નીચેની તરફ ઢળતી એક સીધી રેખા
- ✗ D. ઉપરની તરફ ઢળતી એક સીધી રેખા

Blackbook

Get India's No 1 Vocab Preparation App for FREE : Blackbook : English Vocabulary

GET IT ON Google Play

**Q.80** નીચેનામાંથી કયું સોડિયમ હાઇડ્રોજન કાર્બોનેટની હાઇડ્રોક્લોરિક એસિડ સાથેની પ્રતિક્રિયા માટેનું સંતુલિત રાસાયણિક સમીકરણ છે?

**Ans**

✗ A. $NaHCO_3 + HCl \rightarrow NaCl + H_2O + CO$

✓ B. $NaHCO_3 + HCl \rightarrow NaCl + H_2O + CO_2$

✗ C. $NaHCO_3 + H_2SO_4 \rightarrow NaSO_4 + H_2O$

✗ D. $NaHCO_3 + HCl \rightarrow NaCl + HCl + CO_2$

**Q.81** એક વિદ્યાર્થી બે અપૃષ્ઠવંશી (invertebrates) પ્રાણીઓનું અવલોકન કરે છે, જેમાં એક સ્નાયુલ પગ ધરાવે છે, જ્યારે કે બીજું કાઇટિનયુક્ત બાહ્યકંકાલ (chitinous exoskeleton) ધરાવે છે. આ સજીવો કયા સમુદાય (phyla)ના છે?

**Ans**

✓ A. મૃદુકાય અને સંધિપાદ (Mollusca and Arthropoda)

✗ B. નૂપુરક અને શૂળત્વચી (Annelida and Echinodermata)

✗ C. નૂપુરક અને સંધિપાદ (Annelida and Arthropoda)

✗ D. મેરુદંડી અને મૃદુકાય (Echinodermata and Mollusca)

**Q.82** કઈ પ્રક્રિયાના પરિણામે સંયોજનના અણુની રચના થાય છે?

**Ans**

✗ A. જુદા જુદા પરમાણુઓનું ભૌતિક મિશ્રણ

✗ B. જુદા જુદા તત્વોના પરમાણુઓ વચ્ચે રાસાયણિક બંધન

✗ C. અણુમાંથી પરમાણુઓનું અલગીકરણ

✓ D. સમાન તત્વના પરમાણુઓ વચ્ચે રાસાયણિક બંધન

**Q.83** વિવિધ ઉત્કલન બિંદુઓ ધરાવતા બે દ્રાવ્યક્ષમ દ્રવ્યોના મિશ્રણને અલગ કરવા માટે સામાન્ય રીતે કઈ પદ્ધતિનો ઉપયોગ થાય છે?

**Ans**

✗ A. ક્રોમેટોગ્રાફી (Chromatography)

✗ B. નિક્ષેપણ (Sedimentation)

✗ C. ગાળણક્રિયા (Filtration)

✓ D. નિસ્યંદન (Distillation)

**Q.84** પ્રકાશનું એક કિરણ પ્રતિબિંબ પછી અંતર્ગોળ અરીસાના વક્રતા કેન્દ્રમાંથી પસાર થાય છે. તે કયા માર્ગને અનુસરશે અને શા માટે?

**Ans**

✗ A. તે મુખ્ય અક્ષને સમાંતર બહાર નીકળશે કારણ કે વક્રતા કેન્દ્રમાંથી આપાત થતા કિરણો પરાવર્તન પછી સમાંતર બને છે.

✗ B. તે મુખ્ય કેન્દ્ર પર કેન્દ્રિત થશે કારણ કે વક્રતા કેન્દ્રમાંથી પસાર થતા કિરણો પરાવર્તન પછી હંમેશા મુખ્ય કેન્દ્ર પર મળે છે.

✗ C. તે પરાવર્તન પછી વિકેન્દ્રિત થશે કારણ કે અંતર્ગોળ અરીસો કિરણોને સપાટી પરથી ફેલાવવાનું કારણ બને છે.

✓ D. તે તેના મૂળ માર્ગે પાછું ફરશે કારણ કે તે અરીસાની સપાટી સાથે કાટખૂણે અથડાય છે.

**Q.85** માનવમાં અનિચ્છનીય ગર્ભાવસ્થા અટકાવવા માટે નીચેનામાંથી કઈ પદ્ધતિનો ઉપયોગ થાય છે?

**Ans**

✗ A. નિયમિત વ્યાયામ

✓ B. ગર્ભનિરોધકનો ઉપયોગ

✗ C. સારો ખોરાક (પોષણ)

✗ D. રસીકરણ

**Q.86** વાતાવરણમાંથી કાર્બન ડાયોક્સાઇડ શોષીને છોડ કાર્બન ચક્ર જાળવવામાં કેવી રીતે મદદ કરે છે?

**Ans**

✗ A. વનસ્પતિ કાર્બન ડાયોક્સાઇડને એવા જ રૂપમાં મુક્ત કરે છે.

✗ B. વનસ્પતિ કાર્બન ડાયોક્સાઇડને યુરિયામાં રૂપાંતરિત કરે છે.

✓ C. વનસ્પતિ કાર્બનને ખાંડના અણુઓમાં રૂપાંતરિત કરે છે.

✗ D. વનસ્પતિ કોષોમાં કાર્બન ડાયોક્સાઇડને વાયુ તરીકે સંગ્રહિત કરે છે.

Blackbook

Get India's No 1 Vocab Preparation App for FREE : Blackbook : English Vocabulary
GET IT ON Google Play

**Q.87** જે પ્રક્રિયામાં કોપર(II) ઓક્સાઇડ હાઇડ્રોજન વાયુ સાથે પ્રતિક્રિયા આપીને કોપર અને પાણી બનાવે છે, ત્યાં કયા પદાર્થનું રિડક્શન થાય છે?

**Ans**
✔ A. કોપર(II) ઓક્સાઇડ
✘ B. હાઇડ્રોજન
✘ C. તાંબુ
✘ D. પાણી

**Q.88** નીચેનામાંથી કઈ જોડીના પદાર્થો જૈવ-અવિઘટનીય (non-biodegradable) પદાર્થો દર્શાવતી નથી?

**Ans**
✔ A. લાકડાની બોટલ અને લાકડાની પ્લેટ
✘ B. રેપર અને પ્લાસ્ટિકની બોટલ
✘ C. પોલીથીન બેગ અને સંશ્લેષિત ખાતર રસાયણ
✘ D. પ્લાસ્ટિકની બરણી અને પોલીથીન

**Q.89** એવાં વિધાન કે વિધાનોને ઓળખો જે વક્રીભવન (refraction) સાથે સંકળાયેલી પરિસ્થિતિઓનું ચોક્કસ વર્ણન કરે છે.
(i) વક્રીભવનને કારણે સ્વિમિંગ પૂલની આભાસી ઊંડાઇ તેની વાસ્તવિક ઊંડાઈ કરતાં ઓછી દેખાય છે.
(ii) વક્રીભવનને કારણે આપણે સમતલ અરીસામાં આપણું પ્રતિબિંબ જોઈ શકીએ છીએ.
(iii) પાણીમાં આંશિક રીતે ડૂબાડેલી પેન્સિલ પાણીની સપાટી પર વક્રીભવનને કારણે વળેલી દેખાય છે.
(iv) વક્રીભવનને કારણે રાત્રે સફેદ દીવાલ રંગીન દેખાય છે.

**Ans**
✘ A. (ii) અને (iii) બંને
✘ B. (ii) અને (iv) બંને
✘ C. (i) અને (iv) બંને
✔ D. (i) અને (iii) બંને

**Q.90** જ્યારે કંપનનો કંપનવિસ્તાર _________ હોય, ત્યારે મૃદુ ધ્વનિઓ (Soft sounds) ઉત્પન્ન થાય છે.

**Ans**
✘ A. શૂન્ય
✘ B. અનંત
✘ C. વધારે (Large)
✔ D. ઓછો (Small)

Section : **General Awareness**

**Q.91** ભારતના કેન્દ્રીય બજેટ 2026-27 અનુસાર, ઇન્ફ્રાસ્ટ્રક્ચર વિકાસ અને બાંધકામ તબક્કા (construction phase) દરમિયાન ખાનગી વિકાસકર્તાઓ (private developers) નો આત્મવિશ્વાસ મજબૂત કરવા માટે કયા નવા ફંડની દરખાસ્ત કરવામાં આવી છે?

**Ans**
✘ A. ઇન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ ફાઇનાન્સ ફંડ
✔ B. ઇન્ફ્રાસ્ટ્રક્ચર રિસ્ક ગેરંટી ફંડ
✘ C. નેશનલ ઇન્ફ્રાસ્ટ્રક્ચર ઇન્વેસ્ટમેન્ટ ફંડ
✘ D. પબ્લિક ઇન્ફ્રાસ્ટ્રક્ચર સપોર્ટ ફંડ

**Q.92** નાણાકીય વર્ષ (2025-26) માટેના વાર્ષિક કુલ આંતરિક પેદાશ (GDP)ના કામચલાઉ અંદાજો (Provisional Estimates) (PE) અને નાણાકીય વર્ષ (FY) 2025-26 ના ચોથા ત્રિમાસિક ગાળા (Q4, જાન્યુઆરી-માર્ચ) માટેના GDPના ત્રિમાસિક અંદાજો (Quarterly Estimates) અનુસાર, બેઝ વર્ષ 2022–23ની નવી GDP સિરીઝના આધારે, નાણાકીય વર્ષ 2025–26 માટે ભારતનો અંદાજિત વાસ્તવિક (estimated real) GDP વૃદ્ધિ દર કેટલો હતો?

**Ans**
✘ A. 4.2%
✘ B. 5.1%
✔ C. 7.7%
✘ D. 6.5%

Blackbook

Get India's No 1 Vocab Preparation App for FREE : **Blackbook : English Vocabulary**
GET IT ON Google Play

**Q.93** 2026માં 79મા બ્રિટિશ એકેડેમી ફિલ્મ એવોર્ડ્સ (BAFTAs) ખાતે કઈ ફિલ્મે શ્રેષ્ઠ બાળ અને પારિવારિક ફિલ્મ (Best Children's and Family Film)નો પુરસ્કાર જીત્યો?

**Ans**
✔ A. લક્ષ્મીપ્રિયા દેવીની ફિલ્મ 'બૂંગ' (Lakshmipriya Devi's Boong)
✘ B. અનિલ કુમારની ફિલ્મ 'જર્ની' (Anil Kumar's Journey)
✘ C. મીરા પટેલની ફિલ્મ 'ડ્રીમલેન્ડ' (Meera Patel's Dreamland)
✘ D. રોહન શર્માની ફિલ્મ 'ધ એડવેન્ચર' (Rohan Sharma's The Adventure)

**Q.94** પદ્મ પુરસ્કારો 2026 અંતર્ગત, શતાવધાની આર. ગણેશ (Shatavadhani R. Ganesh) ને કલાના ક્ષેત્રમાં પદ્મ ભૂષણ એનાયત કરવામાં આવ્યો હતો. તેઓ કયા રાજયના વતની છે?

**Ans**
✔ A. કર્ણાટક
✘ B. આંધ્ર પ્રદેશ
✘ C. તમિલનાડુ
✘ D. કેરળ

**Q.95** 2025માં કઈ સરકારી પહેલ અંતર્ગત તમામ રાજ્યો તથા કેન્દ્રશાસિત પ્રદેશોમાં કાર્યરત યુનિફાઇડ ઇમરજન્સી નંબર (112) સ્થાપિત કરવામાં આવ્યો, જે ભારતીય શહેરોમાં મુશ્કેલીમાં મુકાયેલી મહિલાઓની સુરક્ષા અને સમયસર સહાય (response) વધારવા માટે મહિલા હેલ્પલાઇન સાથે સંકલિત (integrated) છે?

**Ans**
✘ A. નેશનલ અર્બન ઇમરજન્સી ટ્રાન્સપોર્ટ પોલિસી (National Urban Emergency Transport Policy)
✘ B. પ્રધાનમંત્રી ઇમરજન્સી સુરક્ષા અભિયાન (Pradhan Mantri Emergency Suraksha Abhiyan)
✔ C. ઇમરજન્સી રિસ્પોન્સ સપોર્ટ સિસ્ટમ (Emergency Response Support System)
✘ D. સેફ સિટીઝ & ઇમરજન્સી પબ્લિક ટ્રાન્ઝિટ સ્કીમ (Safe Cities & Emergency Public Transit Scheme)

**Q.96** માર્ચ 2026 માં ધ ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઓફ સાયન્સ (IISc) દ્વારા શેના વિકાસના ઉદ્દેશ્ય સાથે મૂનશોટ (Moonshot) પ્રોજેક્ટ શરૂ કરવામાં આવ્યો હતો?

**Ans**
✘ A. રીયુઝેબલ લોન્ચ વ્હીકલ્સ
✘ B. ક્વોન્ટમ કમ્યુનિકેશન સેટેલાઇટ્સ
✘ C. AI-પાવર્ડ હ્યુમનોઇડ રોબોટ્સ
✔ D. બ્રેઇન કો-પ્રોસેસર્સ

**Q.97** ટ્રાન્સજેન્ડર વ્યક્તિઓ (હકોનું રક્ષણ) સુધારો અધિનિયમ, 2026 હેઠળ, નીચેનામાંથી કઈ નવી શ્રેણીનો સમાવેશ કરવામાં આવ્યો છે?

**Ans**
✔ A. યુનક (Eunuch)
✘ B. જેન્ડરક્વિઅર (Genderqueer)
✘ C. ટ્રાન્સ-વુમન (Trans-woman)
✘ D. ટ્રાન્સ-મેન (Trans-man)

**Q.98** જુલાઈ 2026માં કઈ મુખ્ય સરકારી સંસ્થાએ 'સ્ટ્રેટેજિક રોડમેપ ફોર મેકિંગ આયુર્વેદ ગ્લોબલ (Strategic Roadmap for Making Ayurveda Global)' બહાર પાડ્યો હતો?

**Ans**
✘ A. આયુષ મંત્રાલય
✔ B. નીતિ આયોગ
✘ C. વિદેશ મંત્રાલય
✘ D. પ્રધાનમંત્રી કાર્યાલય

**Q.99** જુલાઈ 2026 માં NITI આયોગ દ્વારા બહાર પાડવામાં આવેલા ઇન્વેસ્ટમેન્ટ ફ્રેન્ડલીનેસ ઇન્ડેક્સમાં, પહાડી અને ઉત્તર-પૂર્વીય રાજ્યોની શ્રેણીમાં કયું રાજ્ય ટોચના ક્રમે રહ્યું હતું?

**Ans**
✘ A. હિમાચલ પ્રદેશ
✘ B. સિક્કિમ
✘ C. આસામ
✔ D. ઉત્તરાખંડ

Blackbook

Get India's No 1 Vocab Preparation App for FREE : Blackbook : English Vocabulary
GET IT ON Google Play

**Q.100** જૂલાઈ 2026 માં, ભારતના પ્રથમ હાઇડ્રોજન ફ્યુઅલ સેલ-સંચાલિત ટ્રેનનું સંચાલન કયા રેલવે સેક્શન પર શરૂ થયું હતું?

**Ans**

- ✔ A. જીંદ–સોનીપત સેક્શન
- ✘ B. દિલ્હી–પાણીપત સેક્શન
- ✘ C. રોહતક–હિસાર સેક્શન
- ✘ D. અંબાલા–લુધિયાણા સેક્શન

"

Blackbook

Get India's No 1 Vocab Preparation App for FREE : Blackbook : English Vocabulary
GET IT ON Google Play

रेलवे भर्ती बोर्ड / RAILWAY RECRUITMENT BOARD
सीईएन ०२/२०२६ - तकनीशियन ग्रेड I सिगनल और तकनीशियन ग्रेड III
CEN 02/2026 - Technician Grade I Signal and Technician Grade III

| | |
|---|---|
| Test Date | 07/10/2026 |
| Test Time | 4:30 PM - 6:00 PM |
| Subject | RRB Technician Grade III |

*** Note**
**Correct Answer will carry 1 mark per Question.**
**Incorrect Answer will carry 1/3 Negative mark per Question.**

**1. Options shown in green color with a tick icon are correct.**
**2. Chosen option on the right of the question indicates the option selected by the candidate.**

Section : **Mathematics**

**Q.1** A અને B અનુક્રમે 12 દિવસ અને 18 દિવસમાં એક કામ પૂરું કરી શકે છે. તેઓ 4 દિવસ સાથે કામ કરે છે, ત્યારબાદ A કામ છોડી દે છે. B એકલો 6 દિવસ માટે કામ ચાલુ રાખે છે, અને પછી C, B સાથે જોડાય છે. જો C એકલો આખું કામ 9 દિવસમાં પૂરું કરી શકતો હોય, તો કામ પૂરું કરવા માટે લાગતો કુલ સમય (દિવસોમાં) શોધો.

**Ans**
- ✗ A. $10\frac{5}{3}$
- ✓ B. $10\frac{2}{3}$
- ✗ C. $9\frac{2}{3}$
- ✗ D. $11\frac{2}{3}$

**Q.2** સમલંબ ચતુષ્કોણ PQRS માં, PQ||RS છે. જો ∠P = 72° અને ∠Q = 54° હોય, તો ∠R શોધો.

**Ans**
- ✓ A. $126^o$
- ✗ B. $108^o$
- ✗ C. $54^o$
- ✗ D. $72^o$

**Q.3** પાઇપ A એક ટાંકી 24 કલાકમાં ભરી શકે છે અને પાઇપ B તે જ ટાંકી 36 કલાકમાં ભરી શકે છે. જો બંને પાઇપ એકસાથે ખોલવામાં આવે, તો ટાંકી ભરાતા કેટલો સમય લાગશે?

**Ans**
- ✗ A. 14 કલાક
- ✓ B. 14.4 કલાક
- ✗ C. 16 કલાક
- ✗ D. 16.4 કલાક

**Q.4** 7 cm ત્રિજ્યા ધરાવતી એક નળાકાર ટાંકીમાં 2156 $cm^3$ પાણી સમાઈ શકે છે. તો તેની ઊંચાઈ કેટલી હશે?
($\pi = \frac{22}{7}$ લો)

**Ans**
- ✗ A. 12 cm
- ✓ B. 14 cm
- ✗ C. 8 cm
- ✗ D. 10 cm

Get India's No 1 Vocab Preparation App for FREE : Blackbook : English Vocabulary
GET IT ON Google Play

**Q.5** એક રકમ અમિત, ભરત અને ચેતન વચ્ચે 5 : 7 : 9 ના ગુણોત્તરમાં વહેંચવામાં આવે છે. જો ભરતનો ભાગ એ અમિત અને ચેતનના સંયુક્ત ભાગ કરતાં ₹490 ઓછો હોય, તો તેમની વચ્ચે વહેંચવામાં આવેલી કુલ રકમ કેટલી છે?

**Ans**
- ✗ A. ₹1430
- ✗ B. ₹1484
- ✗ C. ₹1449
- ✓ D. ₹1470

**Q.6** ચક્રવૃદ્ધિ વ્યાજે રોકાણ કરેલી રકમ 15 વર્ષમાં ત્રણ ગણી થાય છે. સમાન વાર્ષિક વ્યાજ દરે, તે રકમ કેટલા વર્ષોમાં તેના મૂળ મૂલ્ય કરતાં 27 ગણી થશે?

**Ans**
- ✗ A. 30 વર્ષ
- ✗ B. 75 વર્ષ
- ✓ C. 45 વર્ષ
- ✗ D. 60 વર્ષ

**Q.7** એક દુકાનદાર એક વસ્તુ પર તેની પડતર કિંમત કરતાં 60% વધુ કિંમત છાપે છે. તે છાપેલી કિંમત પર 20% વળતર (ડિસ્કાઉન્ટ) આપે છે અને છતાં પણ ₹840 નફો મેળવે છે. તો તે વસ્તુની છાપેલી કિંમત કેટલી હશે?

**Ans**
- ✗ A. ₹6400
- ✗ B. ₹8400
- ✗ C. ₹4000
- ✓ D. ₹4800

**Q.8** સંખ્યાઓ 15,8,11,21,32,5,25,7 નો મધ્યસ્થ m આપેલો છે. જો 15 ને 7 દ્વારા બદલવામાં આવે, તો નવો મધ્યસ્થ n બને છે. m અને n વચ્ચેનો તફાવત શોધો.

**Ans**
- ✗ A. 4.5
- ✗ B. 2.5
- ✗ C. 1.5
- ✓ D. 3.5

**Q.9** અત્યારથી છ વર્ષ પહેલાં, નિર્ભયની ઉંમર વિસ્મયની ઉંમર કરતાં 8 ગણી હતી. અત્યારથી 6 વર્ષ પછી, તેની ઉંમર તે સમયે વિસ્મયની જે ઉંમર હશે તેના કરતાં 2 ગણી હશે. તો નિર્ભયની વર્તમાન ઉંમર (વર્ષમાં) કેટલી હશે?

**Ans**
- ✗ A. 20
- ✗ B. 19
- ✗ C. 23
- ✓ D. 22

**Q.10** એક એક્સપ્રેસ ટ્રેન એક સમાન ઝડપે ચોક્કસ અંતર કાપે છે. જો તેની ઝડપ 16 km/h વધારવામાં આવે, તો તે નિર્ધારિત સમય કરતા 8 કલાક ઓછો સમય લેશે. જો તેની ઝડપ 16 km/h ઘટાડવામાં આવે, તો તે નિર્ધારિત સમય કરતા 12 કલાક વધુ સમય લેશે. તો મુસાફરીનું કુલ અંતર શોધો.

**Ans**
- ✓ A. 3840 km
- ✗ B. 3640 km
- ✗ C. 4040 km
- ✗ D. 4140 km

**Q.11** એક ડમ્પ ટ્રક 12 લિટર બળતણ પર 54 km ચાલે છે. તો 60 લિટર બળતણ પર તે કેટલા કિલોમીટર ચાલશે?

**Ans**
- ✗ A. 274
- ✓ B. 270
- ✗ C. 272
- ✗ D. 268

Blackbook

Get India's No 1 Vocab Preparation App for FREE : Blackbook : English Vocabulary

GET IT ON Google Play

**Q.12** 1778 m ના વર્તુળાકાર પથ પર, રાશિકા અને શિફા એક જ બિંદુથી પરંતુ વિરુદ્ધ દિશામાં અનુક્રમે 5.3 m/s અને X m/sec ની ઝડપે ચાલવાનું શરૂ કરે છે, તેઓ 127 સેકન્ડ પછી પ્રથમ વખત મળે છે. X નું મૂલ્ય શોધો.

**Ans**
- ✔ A. 8.7
- ✘ B. 3.8
- ✘ C. 4.6
- ✘ D. 6.6

**Q.13** ₹6,600 ની શરૂઆતની રકમ વાર્ષિક 6% ના વ્યાજ દરે, અર્ધ-વાર્ષિક ધોરણે ચક્રવૃદ્ધિ પામતા, ચક્રવૃદ્ધિ વ્યાજે, X વર્ષમાં વધીને ₹6,798 થાય છે. તો X નું મૂલ્ય શોધો.

**Ans**
- ✘ A. 1
- ✔ B. 0.5
- ✘ C. 1.25
- ✘ D. 0.75

**Q.14** જો $a\sin^3\theta + b\cos^3\theta = \sin\theta\cos\theta$ અને $a\sin\theta = b\cos\theta$ હોય, તો $a^2 + b^2$ નું મૂલ્ય શોધો.

**Ans**
- ✘ A. $4$
- ✘ B. $\frac{1}{4}$
- ✘ C. 9
- ✔ D. $1$

**Q.15** જો k ના 20% એ 10 ના 1200% કરતા 15 ઓછા હોય, તો k _______ છે.

**Ans**
- ✘ A. 505
- ✘ B. 485
- ✔ C. 525
- ✘ D. 565

**Q.16** 21 સંખ્યાઓનો સમાંતર મધ્યક 48 છે. તેમાં પ્રથમ 10 સંખ્યાઓનો મધ્યક 49 અને અંતિમ 10 સંખ્યાઓનો મધ્યક 45 છે. તો 11મી સંખ્યા શોધો.

**Ans**
- ✔ A. 68
- ✘ B. 88
- ✘ C. 64
- ✘ D. 72

**Q.17** એક નળાકાર પિલરનો વ્યાસ 80 cm અને ઊંચાઈ 35 m છે. ₹45 પ્રતિ $m^2$ ના દરથી પિલરની વક્ર સપાટી પર રંગ કરવાનો ખર્ચ શોધો. ($\pi = \frac{22}{7}$ નો ઉપયોગ કરો)

**Ans**
- ✘ A. ₹3,988
- ✔ B. ₹3,960
- ✘ C. ₹3,921
- ✘ D. ₹3,983

**Q.18** માર્ચ મહિનામાં શનિવાર અને રવિવાર સિવાયના દિવસોમાં એક ડીલર દ્વારા કારનું સરેરાશ દૈનિક વેચાણ 163 છે. રવિવારના દિવસોમાં કારનું સરેરાશ દૈનિક વેચાણ 125 છે. જો પ્રથમ શનિવાર 3 માર્ચના રોજ હોય અને સમગ્ર મહિના માટે કારનું સરેરાશ દૈનિક વેચાણ 171 હોય, તો શનિવારના દિવસોમાં કારનું સરેરાશ દૈનિક વેચાણ કેટલું હશે?

**Ans**
- ✔ A. 243
- ✘ B. 242
- ✘ C. 247
- ✘ D. 246

Blackbook

Get India's No 1 Vocab Preparation App for FREE : Blackbook : English Vocabulary
GET IT ON Google Play

**Q.19** બે મિત્રો K અને G નફાને 7 : 5 ના ગુણોત્તરમાં વહેંચે છે. જો માસિક નફો ₹72,000 હોય, તો K નો ભાગ ____

**Ans**
- ✗ A. G ના ભાગ કરતાં ₹8,000 વધારે છે.
- ✗ B. G ના ભાગ કરતાં ₹10,000 વધારે છે.
- ✗ C. 9 નો ગુણક છે.
- ✓ D. 7 નો ગુણક છે.

**Q.20** એક વેપારી એક વસ્તુની પડતર કિંમત પર 25% કિંમત વધારીને છાપે છે અને ત્યારબાદ તે છાપેલી કિંમત પર 10% વળતર (ડિસ્કાઉન્ટ) આપે છે, તો વેપારીને થયેલો ચોખ્ખો નફો કેટલા ટકા હશે?

**Ans**
- ✗ A. 10%
- ✓ B. 12.5%
- ✗ C. 18.5%
- ✗ D. 20%

**Q.21** બે ક્રમિક અવિભાજ્ય સંખ્યાઓનો ગુણાકાર 437 છે. આ બે અવિભાજ્ય સંખ્યાઓ વચ્ચેનો તફાવત કેટલો થાય?

**Ans**
- ✗ A. 6
- ✗ B. 8
- ✓ C. 4
- ✗ D. 2

**Q.22** એક દુકાનદાર ₹40 માં 5 પેનના ભાવે 240 પેન ખરીદે છે અને તેને ₹44 માં 4 પેનના ભાવે વેચે છે. દુકાનદારને કેટલા ટકા નફો થયો?

**Ans**
- ✗ A. 30%
- ✓ B. 37.5%
- ✗ C. 32.5%
- ✗ D. 35%

**Q.23** માનવીની ઉંમરના બમણા અને તન્વીની ઉંમરનો સરવાળો 37 વર્ષ છે. તન્વીના પિતાની ઉંમર તન્વીની ઉંમર કરતાં બમણી છે, અને માનવીનો ભાઈ માનવી કરતાં 5 વર્ષ મોટો છે. તન્વીના પિતા અને માનવીના ભાઈની ઉંમરનો સરવાળો 43 વર્ષ છે. તો માનવી અને તન્વીની ઉંમરનો સરવાળો (વર્ષમાં) શોધો.

**Ans**
- ✗ A. 22
- ✓ B. 25
- ✗ C. 30
- ✗ D. 28

**Q.24** P કેન્દ્રવાળા બે સમકેન્દ્રી (concentric) વર્તુળો છે. મોટા વર્તુળની ત્રિજ્યા PQ = 10 cm છે, અને નાના વર્તુળની ત્રિજ્યા PR = 8 cm છે. બહારના બિંદુ T માંથી મોટા વર્તુળને દોરેલો સ્પર્શક TQ છે (જે તેને Q આગળ સ્પર્શે છે), અને તે જ બિંદુ T માંથી નાના વર્તુળને દોરેલો સ્પર્શક TR છે (જે તેને R આગળ સ્પર્શે છે). જો TQ = 24 cm હોય, તો (TR – PR)/PQ નું મૂલ્ય શોધો.

**Ans**
- ✓ A. $\frac{3\sqrt{17}-4}{5}$
- ✗ B. $\frac{\sqrt{17}-4}{5}$
- ✗ C. $\frac{2\sqrt{17}-3}{5}$
- ✗ D. $\frac{3\sqrt{17}+18}{10}$

Blackbook

Get India's No 1 Vocab Preparation App for FREE : Blackbook : English Vocabulary
GET IT ON Google Play

**Q.25** એક વ્યક્તિએ ₹57500 નું વાર્ષિક 12% ના સાદા વ્યાજના દરે 4 વર્ષ માટે રોકાણ કર્યું છે. 4 વર્ષ પછી તેને મળતી કુલ રકમ (વ્યાજમુદ્દલ) (₹ માં) શોધો.

**Ans**
- ✗ A. 27600
- ✓ B. 85100
- ✗ C. 86100
- ✗ D. 28600

Section : **General Intelligence and Reasoning**

**Q.26** એક પ્રશ્ન પછી (I) અને (II) થી ક્રમાંકિત બે વિધાનો આપવામાં આવ્યા છે. તમારે નક્કી કરવાનું છે કે વિધાનોમાં આપેલી માહિતી એ પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે કે નહીં. બંને વિધાનોને વાંચીને સૌથી યોગ્ય જવાબ પસંદ કરો.
પ્રશ્ન: T, U, V, W, અને X માંથી સૌથી નાનું કોણ છે?
(I) U એ T અને W કરતાં નાનો છે પરંતુ X કરતાં મોટો છે.
(II) V એ U કરતાં નાનો છે. X સૌથી નાનો નથી.

**Ans**
- ✗ A. વિધાન I માં આપેલી માહિતી એકલી જ પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે, જ્યારે કે વિધાન II માં આપેલી માહિતી પૂરતી નથી.
- ✗ B. વિધાન I અને II માં આપેલી માહિતીને એકસાથે લેતા તે પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી નથી.
- ✓ C. વિધાન I અને II માં આપેલી માહિતીને એકસાથે લેતા (અને વિધાન I અથવા વિધાન II ની માહિતીને એકલી રીતે ધ્યાનમાં ન લેતા) તે પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે.
- ✗ D. વિધાન II માં આપેલી માહિતી એકલી જ પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે, જ્યારે કે વિધાન I માં આપેલી માહિતી પૂરતી નથી.

**Q.27** અંગ્રેજી મૂળાક્ષરોના ક્રમના આધારે UQTU એક ચોક્કસ રીતે TPST સાથે સંબંધિત છે. તે જ રીતે, KGJK એ JFIJ સાથે સંબંધિત છે. તો આ સમાન તર્કને અનુસરીને, TPST નીચેનામાંથી કયા વિકલ્પ સાથે સંબંધિત છે?

**Ans**
- ✗ A. SPQR
- ✓ B. SORS
- ✗ C. SOQS
- ✗ D. SNQS

**Q.28** આપેલ શ્રેણીમાં પ્રશ્ન ચિહ્ન (?) ના સ્થાને શું આવવું જોઈએ?
9 11 14 18 23 ?

**Ans**
- ✗ A. 28
- ✓ B. 29
- ✗ C. 30
- ✗ D. 27

**Q.29** સાત લોકો Q, B, M, L, R, K અને G એક હરોળમાં ઉત્તર તરફ મુખ કરીને બેસે છે. K હરોળના ડાબા છેડેથી પાંચમાં સ્થાને બેસે છે. R ની જમણી બાજુએ માત્ર ચાર લોકો બેસે છે. Q એ B અને K ની તરત જ બાજુમાં બેસે છે. G એ M ની તરત જ જમણી બાજુએ બેસે છે. તો L અને G ની વચ્ચે કેટલા લોકો બેસે છે?

**Ans**
- ✓ A. એક
- ✗ B. ત્રણ
- ✗ C. બે
- ✗ D. ચાર

**Q.30** 24 એ અમુક ચોક્કસ તર્કને અનુસરીને 168 સાથે સંબંધિત છે. તે જ તર્કને અનુસરીને, 27 એ 189 સાથે સંબંધિત છે. સમાન તર્કને અનુસરીને 33 એ આપેલા વિકલ્પોમાંથી કયા વિકલ્પની સાથે સંબંધિત છે?
(નોંધ: સંખ્યાઓને તેમના ઘટક અંકોમાં જુદી પાડ્યા વિના, પૂર્ણ સંખ્યાઓ પર ક્રિયાઓ (Operations) કરવાની રહેશે. દા.ત. 13 લો – 13 આ સંખ્યા પર ક્રિયાઓ, જેમ કે 13 માં સરવાળો/ બાદબાકી/ ગુણાકાર વગેરે પૂર્ણ 13 પર કરી શકાય છે. 13 ને 1 અને 3 માં જુદી પાડીને ત્યારબાદ 1 અને 3 પર ગાણિતિક ક્રિયાઓ કરવાની છૂટ નથી.)

**Ans**
- ✗ A. 293
- ✗ B. 271
- ✓ C. 231
- ✗ D. 311

Blackbook

Get India's No 1 Vocab Preparation App for FREE : **Blackbook : English Vocabulary** GET IT ON Google Play

Q.31 P, Q, R, S, T, U અને V એક જ ઈમારતના સાત અલગ અલગ માળ પર રહે છે. ઈમારતમાં સૌથી નીચેના માળને 1, તેની ઉપરના માળને 2 અને તે મુજબ ઉપરના માળોને ક્રમાંક આપેલા છે, સૌથી ઉપરના માળનો ક્રમાંક 7 છે. U ની નીચે માત્ર P રહે છે. U અને R ની વચ્ચે માત્ર ચાર લોકો રહે છે. T એ S ની તરત જ ઉપર એકી સંખ્યા ધરાવતા માળ ક્રમાંક પર રહે છે. Q એ બેકી સંખ્યા ધરાવતા માળ ક્રમાંક પર રહેતો નથી. તો માળ ક્રમાંક 6 પર કોણ રહે છે?

Ans
- ✗ A. R
- ✗ B. U
- ✗ C. S
- ✓ D. V

Q.32 અંગ્રેજી મૂળાક્ષરોના ક્રમના આધારે આપેલી શ્રેણીમાં પ્રશ્નચિહ્ન (?)ના સ્થાને શું આવવું જોઈએ?

VAN QVI LQD GLY ?

Ans
- ✗ A. BGY
- ✗ B. BTG
- ✗ C. BTY
- ✓ D. BGT

Q.33 નીચે આપેલા બે જોડીઓ જે પેટર્ન અનુસરે છે તે જ પેટર્નને અનુસરતી જોડી પસંદ કરો. બંને જોડીઓ સમાન પેટર્નને અનુસરે છે.

IFG–KHI
LIJ–NKL

Ans
- ✗ A. KGG–LIJ
- ✗ B. KHI–LJJ
- ✗ C. KGG–MJK
- ✓ D. KHI–MJK

Q.34 નીચે આપેલી શ્રેણીમાં પ્રશ્નચિહ્ન (?) ના સ્થાને શું આવવું જોઈએ?

99 89 81 75 71 ?

Ans
- ✗ A. 46
- ✗ B. 64
- ✗ C. 50
- ✓ D. 69

Q.35 જો '+' નો અર્થ '–', '–' નો અર્થ '×', '×' નો અર્થ '÷', '÷' નો અર્થ '+' હોય, તો નીચેના સમીકરણમાં પ્રશ્નચિહ્ન (?) ના સ્થાને શું આવશે?

12 – 8 ÷ 4 + 24 × 4 = ?

Ans
- ✓ A. 94
- ✗ B. 92
- ✗ C. 96
- ✗ D. 90

Q.36 D એ L ના માતા છે. L એ U ની બહેન છે. V એ O ના પિતા છે. O એ U નો પતિ છે. D એ O સાથે કેવી રીતે સંબંધિત છે?

Ans
- ✗ A. માતા
- ✗ B. પત્ની
- ✗ C. માતાના માતા
- ✓ D. પત્નીના માતા

Blackbook

Get India's No 1 Vocab Preparation App for FREE : Blackbook : English Vocabulary GET IT ON Google Play

Q.37 જો 'A' નો અર્થ '÷', 'B' નો અર્થ '×', 'C' નો અર્થ '+', અને 'D' નો અર્થ '–' હોય, તો નીચેના સમીકરણમાં પ્રશ્નચિહ્ન (?) ના સ્થાને શું આવશે?
18 D 4 A 4 B 8 C 30 = ?

Ans
- ✗ A. 45
- ✓ B. 40
- ✗ C. 42
- ✗ D. 41

Q.38 એક ચોક્કસ કૂટ (કોડ) ભાષામાં, 'don't be jealous' ને 'ac dp mo' તરીકે અને 'be on time' ને 'mo lk zb' તરીકે કૂટબધ્ધ કરવામાં આવે છે. આપેલી ભાષામાં 'be' ને કેવી રીતે કૂટબધ્ધ કરવામાં આવે છે?

Ans
- ✗ A. zb
- ✗ B. ac
- ✗ C. dp
- ✓ D. mo

Q.39 અંગ્રેજી મૂળાક્ષરોના ક્રમના આધારે, નીચે આપેલ ચાર અક્ષર-સમૂહોમાંથી ત્રણ અમુક ચોક્કસ રીતે સમાન છે અને આમ એક જૂથ બનાવે છે. તો કયો અક્ષર-સમૂહ તે જૂથ સાથે સંબંધિત નથી?
(નોંધ: અલગ પડતો અક્ષર-સમૂહ વ્યંજનો/સ્વરોની સંખ્યા અથવા અક્ષર સમૂહમાં તેમની સ્થિતિ/સ્થાન પર આધારિત નથી.)

Ans
- ✗ A. XVR
- ✗ B. KIE
- ✗ C. FDZ
- ✓ D. SPL

Q.40 સાત બોક્સ A, B, C, D, E, F અને G ને એક બીજાની ઉપર રાખવામાં આવ્યા છે પરંતુ જરૂરી નથી કે તેમને એ જ ક્રમમાં રાખવામા આવ્યા હોય.
F ની ઉપર એકપણ બોક્સ રાખવામાં આવ્યું નથી. F અને E ની વચ્ચે માત્ર ત્રણ બોક્સ રાખવામાં આવ્યા છે. C અને D ની વચ્ચે માત્ર એક બોક્સ રાખવામાં આવ્યું છે. D ને E ની તરત જ ઉપર રાખવામાં આવ્યું છે. C અને G ની વચ્ચે માત્ર ચાર બોક્સ રાખવામાં આવ્યા છે. A ને B ની ઉપરના કોઈ એક સ્થાને રાખવામાં આવ્યું છે. તો સૌથી ઉપરથી ત્રીજા સ્થાને કયું બોક્સ રાખવામાં આવ્યું છે?

Ans
- ✓ A. A
- ✗ B. B
- ✗ C. D
- ✗ D. F

Q.41 આ પ્રશ્નમાં, એક પ્રશ્ન પછી (I) અને (II) થી ક્રમાંકિત બે વિધાનો આપવામાં આવ્યા છે. તમારે નક્કી કરવાનું છે કે વિધાનોમાં આપેલી માહિતી એ પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે કે નહીં. બંને વિધાનો વાંચો અને સૌથી યોગ્ય જવાબ પસંદ કરો.
5 વૃક્ષો B, F, G, I અને L માંથી દરેકની ઊંચાઈ અલગ અલગ છે, તો કયું વૃક્ષ સૌથી ઊંચું છે?
(I) G એ L કરતાં નીચું છે.
(II) I એ L કરતાં ઊંચું છે.

Ans
- ✓ A. વિધાન (I) અને (II) માં આપેલી માહિતીને એકસાથે લેતા તે પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી નથી.
- ✗ B. વિધાન (I) અને (II) માં આપેલી માહિતીને એકસાથે લેતા (અને વિધાન I અથવા વિધાન II ની માહિતીને એકલી રીતે ધ્યાનમાં ન લેતા) તે પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે.
- ✗ C. વિધાન (I) માં આપેલી માહિતી એકલી જ પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે, જ્યારે કે વિધાન (II) માં આપેલી માહિતી એકલી પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી નથી.
- ✗ D. વિધાન (II) માં આપેલી માહિતી એકલી જ પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે, જ્યારે કે વિધાન (I) માં આપેલી માહિતી એકલી પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી નથી.

Q.42 FILMERS શબ્દમાં દરેક સ્વરને અંગ્રેજી મૂળાક્ષરોના ક્રમમાં તેના તરત જ પછી આવતા અક્ષર વડે બદલવામાં આવે અને દરેક વ્યંજનને અંગ્રેજી મૂળાક્ષરોના ક્રમમાં તેના તરત જ પહેલા આવતા અક્ષર વડે બદલવામાં આવે, તો આ રીતે બનતા અક્ષરોના નવા જૂથમાં નીચેનામાંથી કેટલા અક્ષર બરાબર બે વાર આવશે?

Ans
- ✗ A. 2
- ✓ B. 0
- ✗ C. 3
- ✗ D. 1

Get India's No 1 Vocab Preparation App for FREE : Blackbook : English Vocabulary
GET IT ON Google Play

**Q.43** SILENT' શબ્દના અક્ષરોને અંગ્રેજી મૂળાક્ષરોના ક્રમમાં ગોઠવ્યા પછી, કેટલા અક્ષરો મૂળ શબ્દમાં હતા તે જ સ્થાન પર રહેશે?

**Ans**
- ❌ A. એક
- ❌ B. એકપણ નહીં
- ✅ C. ત્રણ
- ❌ D. બે

**Q.44** અંગ્રેજી મૂળાક્ષરોના ક્રમના આધારે, નીચે આપેલ ચાર અક્ષર-સમૂહ જોડીઓમાંથી ત્રણ અમુક ચોક્કસ રીતે સમાન છે અને તેથી એક જૂથ બનાવે છે. કયો અક્ષર-સમૂહ તે જૂથ સાથે સંબંધિત નથી?
(નોંધ: અલગ પડતી અક્ષર-સમૂહ જોડી વ્યંજનો/સ્વરોની સંખ્યા અથવા અક્ષર સમૂહમાં તેમના સ્થાન પર આધારિત નથી)

**Ans**
- ❌ A. DB - CE
- ❌ B. LJ - KM
- ✅ C. IJ - MN
- ❌ D. MK - LN

**Q.45** નીચે આપેલી અક્ષર શ્રેણીનો અભ્યાસ કરો અને તેની નીચે આપેલા પ્રશ્નનો જવાબ આપો. ગણતરી ફક્ત ડાબી બાજુથી જમણી બાજુ કરવાની છે

(ડાબી બાજુ) R F D Q A L M F W S O U T A L E T G D V B T K U (જમણી બાજુ)

એવા કેટલા વ્યંજનો છે, જે દરેકની તરત જ પહેલા એક સ્વર આવે છે અને તરત જ પછી પણ એક સ્વર આવે છે?

**Ans**
- ✅ A. બે
- ❌ B. ત્રણ
- ❌ C. એકપણ નહીં
- ❌ D. એક

**Q.46** શ્રી રીક પોઈન્ટ A થી ચાલવાનું શરૂ કરે છે અને ઉત્તર તરફ 22 km ચાલે છે. પછી તે ડાબે વળે છે, 30 km ચાલે છે, ડાબે વળે છે અને 28 km ચાલે છે. ત્યારબાદ તે ડાબો વળાંક લે છે અને 39 km ચાલે છે. તે છેલ્લો ડાબો વળાંક લઈને 6 km ચાલે છે અને પોઈન્ટ P પર રોકાય છે. પોઈન્ટ A પર ફરીથી પહોંચવા માટે તેણે કેટલું દૂર (સૌથી ઓછું અંતર) અને કઈ દિશામાં ચાલવું જોઈએ? (બધા વળાંકો ફક્ત 90 અંશ (ડિગ્રી) ના વળાંકો છે સિવાય કે ઉલ્લેખિત હોય.)

**Ans**
- ❌ A. 10 km ઉત્તર તરફ
- ❌ B. 11 km દક્ષિણ તરફ
- ✅ C. 9 km પશ્ચિમ તરફ
- ❌ D. 7 km પૂર્વ તરફ

**Q.47** નીચે આપેલી અક્ષર અને પ્રતીક શ્રેણીનો અભ્યાસ કરો અને તેની નીચે આપેલા પ્રશ્નનો જવાબ આપો. ગણતરી ફક્ત ડાબી બાજુથી જમણી બાજુ કરવાની છે.

(ડાબી બાજુ) F & I Y @ J Y C * A # & K S P $ B M (જમણી બાજુ)

એવા કેટલા પ્રતીકો છે, જે દરેકની તરત જ પહેલા એક સ્વર આવે છે અને તરત જ પછી એક પ્રતીક પણ આવે છે?

**Ans**
- ❌ A. ત્રણ
- ✅ B. એક
- ❌ C. બે
- ❌ D. એકપણ નહીં

**Q.48** એક ચોક્કસ સાંકેતિક ભાષામાં, 'JACK' ને '2396' અને 'CAKE' ને '7963' તરીકે સંકેતવામાં આવે છે. આપેલ સાંકેતિક ભાષામાં 'E' માટે કયો સંકેત છે?

**Ans**
- ❌ A. 3
- ✅ B. 7
- ❌ C. 9
- ❌ D. 6

Blackbook

Get India's No 1 Vocab Preparation App for FREE : Blackbook : English Vocabulary

GET IT ON Google Play

**Q.49** **નીચે આપેલા સંખ્યા/પ્રતીકના સમૂહને આપેલા કૂટ (Code) અને ત્યારબાદ આપેલી શરતો અનુસાર અક્ષર કૂટનો ઉપયોગ કરીને કૂટબધ્ધ કરવામાં આવે છે. શરતોને અનુસરતા કૂટ (code) નું યોગ્ય સંયોજન એ તમારો જવાબ છે. જો કોઈ પણ શરતો લાગુ પડતી ન હોય, તો કોષ્ટકમાં આપ્યા મુજબ સંબંધિત સંખ્યા/પ્રતીક માટેના કૂટને સીધા જ અનુસરવાના રહેશે.**

સંખ્યા/પ્રતીક 9 ^ 3 + 1 $ 8 % 5 =

કૂટ (Code) M P S V Y A D F I L

**શરતો –**

**(i) જો પહેલું ઘટક એક પ્રતીક હોય અને છેલ્લું ઘટક એક સંખ્યા હોય, તો આ બે (પહેલા અને છેલ્લા ઘટકો) માટેના કૂટને એકબીજાની સાથે બદલવા પડશે.**

**(ii) જો પહેલું ઘટક એક એકી સંખ્યા હોય અને છેલ્લું ઘટક એક બેકી સંખ્યા હોય, તો પ્રથમ અને છેલ્લા ઘટકોને © તરીકે કૂટબધ્ધ કરવા પડશે.**

**(iii) જો બીજા અને ત્રીજા બંને ઘટકો પૂર્ણ વર્ગ હોય, તો ત્રીજા ઘટકને બીજા ઘટક માટે જે કોડ છે તેનાથી કૂટબધ્ધ કરવું પડશે.**

**8 1 9 + ^**

**Ans**
- ✗ A. P Y M V D
- ✓ B. D Y Y V P
- ✗ C. D M M V P
- ✗ D. P M Y V D

**Q.50** **જો સંખ્યા 8624357 ના દરેક એકી અંકમાં 1 ઉમેરવામાં અને દરેક બેકી અંકમાંથી 2 બાદ કરવામાં આવે, તો આ રીતે બનેલી નવી સંખ્યામાં સૌથી મોટા અંક અને સૌથી નાના અંક વચ્ચેનો તફાવત કેટલો હશે?**

**Ans**
- ✓ A. 8
- ✗ B. 7
- ✗ C. 9
- ✗ D. 6

Section : **General Science**

**Q.51** **નીચેનામાંથી કયું વિધાન પેઢીઓ દરમિયાન રંગસૂત્રોની સંખ્યા જાળવી રાખવા માટે અર્ધીકરણ (meiosis) ના મહત્વને સમજાવે છે?**

**Ans**
- ✗ A. તે જટિલતા વધારવા માટે રંગસૂત્રોની સંખ્યા બમણી કરે છે
- ✗ B. તે સુનિશ્ચિત કરે છે કે બધા રંગસૂત્રો માત્ર માતા તરફથી જ વારસામાં મળે
- ✓ C. તે ફલન પહેલાં જનનકોષોમાં રંગસૂત્રોની સંખ્યા અડધી કરે
- ✗ D. તે આનુવંશિક સાતત્ય જાળવવા માટે સમાન કોષો ઉત્પન્ન કરે છે

**Q.52** **નિવસનતંત્રમાં, જે સજીવો સૂર્યપ્રકાશનો ઉપયોગ કરીને પોતાનો ખોરાક બનાવી શકે છે તેમને ____________ તરીકે ઓળખવામાં આવે છે.**

**Ans**
- ✗ A. માંસાહારીઓ
- ✗ B. તૃણાહારીઓ
- ✗ C. વિઘટકો
- ✓ D. ઉત્પાદકો

**Q.53** **નીચેનામાંથી કયું આયનીય બંધને શ્રેષ્ઠ રીતે વર્ણવે છે?**

**Ans**
- ✗ A. ધાતુમાં વિસ્થાનિકીકૃત ઇલેક્ટ્રોનનો સમાવેશ કરતો રાસાયણિક બંધ
- ✗ B. પરમાણ્વીય કક્ષકોના અતિવ્યાપન દ્વારા રચાતો રાસાયણિક બંધ
- ✓ C. એક પરમાણુમાંથી બીજા પરમાણુમાં ઇલેક્ટ્રોનના સ્થાનાંતરણ દ્વારા રચાતો રાસાયણિક બંધ
- ✗ D. પરમાણુઓ વચ્ચે ઇલેક્ટ્રોનની ભાગીદારી દ્વારા રચાતો રાસાયણિક બંધ

Get India's No 1 Vocab Preparation App for FREE : Blackbook : English Vocabulary
GET IT ON Google Play

**Q.54** નીચેનામાંથી કયું સમાંગ મિશ્રણ (homogeneous mixture) નું શ્રેષ્ઠ વર્ણન કરે છે?

**Ans**
- ✗ A. દ્રશ્યમાન અલગ સ્તરો ધરાવતું મિશ્રણ
- ✗ B. એક મિશ્રણ કે જેમાં પદાર્થોને ગાળણ દ્વારા અલગ કરી શકાય છે
- ✓ C. સમગ્ર મિશ્રણમાં એકસરખી રચના ધરાવતું મિશ્રણ
- ✗ D. એક મિશ્રણ જેમાં કણો તળિયે બેસી જાય છે

**Q.55** કયું વિધાન એ સ્પષ્ટ કરે છે કે માનવ કંકાલ-સ્નાયુ તંત્ર (musculoskeletal system) માં સ્નાયુ પેશીઓ અને અસ્થિ પેશીઓ કેવી રીતે સાથે મળીને કામ કરે છે?

**Ans**
- ✓ A. સ્નાયુ પેશીઓ સંકોચાઇને હાડકાંને ખેંચે (pull on કરે) છે, જેનાથી સાંધા હલનચલન કરે છે
- ✗ B. સ્નાયુ પેશીઓ આધાર માટે હાડકાંને મજબૂત કરવા ખનિજો (minerals) ઉત્પન્ન કરે છે.
- ✗ C. સ્નાયુ પેશીઓ ગતિ દરમિયાન હાડકાંને ગાદી આપવા માટે કાસ્થિનું નિર્માણ કરે છે.
- ✗ D. ચાલવા માટે હાડકાંની પેશીઓ સંકોચાઇને સ્નાયુઓને ગતિ આપે છે.

**Q.56** ગોળીય અરીસાઓ દ્વારા રચાતા પ્રતિબિંબ વિશે નીચેનામાંથી કયું વિધાન સાચું નથી?

**Ans**
- ✓ A. વાસ્તવિક પ્રતિબિંબ હંમેશા ચત્તું હોય છે.
- ✗ B. અંતર્ગોળ અરીસો ખૂબ જ મોટું વાસ્તવિક પ્રતિબિંબ રચી શકે છે.
- ✗ C. અંતર્ગોળ અરીસો આભાસી પ્રતિબિંબ પણ રચી શકે છે.
- ✗ D. બહિર્ગોળ અરીસો હંમેશા નાનું પ્રતિબિંબ રચે છે.

**Q.57** કયા પ્રકારનો સાંધો માત્ર એક જ દિશામાં હલનચલન થવા દે છે અને માનવ શરીરના કોણીના વળાંકમાં જોવા મળે છે?

**Ans**
- ✓ A. હિંજ જોઇન્ટ (Hinge joint)
- ✗ B. ફિક્સ્ડ જોઇન્ટ (Fixed joint)
- ✗ C. પીવોટ જોઇન્ટ (Pivot joint)
- ✗ D. બોલ અને સોકેટ જોઇન્ટ (Ball and socket joint)

**Q.58** વસ્તુના કોઈપણ સ્થાન માટે બહિર્ગોળ અરીસા દ્વારા મળતા પ્રતિબિંબની સ્થિતિ (ચત્તું કે ઊલટું) અને તેના કદને કઈ લાક્ષણિકતા સૌથી શ્રેષ્ઠ રીતે દર્શાવે છે?

**Ans**
- ✗ A. પ્રતિબિંબ ક્યારેક ચત્તું અને વસ્તુ કરતાં મોટું હોય છે.
- ✓ B. પ્રતિબિંબ હંમેશાં ચત્તું અને વસ્તુ કરતાં નાનું હોય છે.
- ✗ C. પ્રતિબિંબ હંમેશાં ઊલટું અને વસ્તુના કદ જેટલું જ હોય છે.
- ✗ D. પ્રતિબિંબ હંમેશાં ઊલટું અને વસ્તુ કરતાં નાનું હોય છે.

**Q.59** નીચેનામાંથી કયો સજીવ કલિકાસર્જન (Budding) દ્વારા પ્રજનન કરતો નથી?

**Ans**
- ✗ A. સ્પંજ (Sponge)
- ✗ B. હાઇડ્રા (Hydra)
- ✓ C. બેક્ટેરિયા (Bacteria)
- ✗ D. યીસ્ટ (Yeast)

**Q.60** કોપરના ઓક્સિડેશન દરમિયાન, નીચેનામાંથી કયું સંયોજનો બનવાને કારણે તેની સપાટી પર કાળા રંગનું આવરણ આચ્છાદિત થઈ જાય છે?

**Ans**
- ✓ A. કોપર ઓક્સાઇડ
- ✗ B. કોપર કાર્બોનેટ
- ✗ C. કોપર સલ્ફાઇડ
- ✗ D. કોપર સલ્ફેટ

**Q.61** પૃથ્વી પર કોઈ સ્થળને મળતી સૌર ઊર્જાના જથ્થા પર અક્ષાંશ (latitude) કેવી રીતે અસર કરે છે?

**Ans**
- ✗ A. ઉચ્ચ અક્ષાંશો કરતાં વિષુવવૃત્તીય અક્ષાંશો ઓછો સીધો સૂર્યપ્રકાશ મેળવે છે.
- ✗ B. મેળવેલી સૌર ઊર્જા પર અક્ષાંશની નહિવત અસર થાય છે.
- ✗ C. બધા સ્થાનો વર્ષ દરમિયાન એકસરખો સૂર્યપ્રકાશ મેળવે છે.
- ✓ D. વિષુવવૃત્તીય અક્ષાંશો કરતાં ઉચ્ચ અક્ષાંશો ઓછો સીધો સૂર્યપ્રકાશ મેળવે છે.

Blackbook

Get India's No 1 Vocab Preparation App for FREE : **Blackbook : English Vocabulary** GET IT ON Google Play

**Q.62** એક દર્દીને હૃદયનો એવો વિકાર છે જેમાં ડાબું ક્ષેપક (left ventricle) કાર્યક્ષમ રીતે રક્ત-ધમણ (પંપ) કરી શક્તું નથી. એની સૌથી તાત્કાલિક અસર શરીરમાંના પરિવહન તંત્ર (transport system) પર શું દેખાશે?

**Ans**
- ✗ A. પેશીઓમાં કાર્બન ડાયોક્સાઇડનો તાત્કાલિક જમા થવો
- ✗ B. સમગ્ર શરીરમાં આરામની સ્થિતિમાં હૃદયના ધબકારાનો દર વધવો
- ✓ C. શરીરના પેશીઓમાં ઓક્સિજનનો પુરવઠો ઘટવો
- ✗ D. મુખ્ય શિરાઓમાં બ્લડ પ્રેશર (રુધિરનું દબાણ) તાત્કાલિક વધવું

**Q.63** જ્યારે એક સ્થિર બોક્સ પર સામસામેની બાજુઓથી સમાન બળ લગાડવામાં આવે છે, ત્યારે પણ તે ફ્લોર (જમીન) પરથી ખસતું નથી. બળોનું કયું લક્ષણ આ પરિણામને સૌથી સારી રીતે સમજાવે છે?

**Ans**
- ✗ A. બળ અલગ અલગ બિંદુ પર કાર્ય કરે છે.
- ✓ B. બંને બળ મૂલ્યમાં સમાન અને દિશામાં વિરુદ્ધ છે.
- ✗ C. બંને બળની દિશા અસંતુલિત છે.
- ✗ D. બંને બળના મૂલ્ય અસમાન છે.

**Q.64** સ્કંદન (coagulation) ની પ્રક્રિયા થયા પછી વિષમાંગ મિશ્રણમાંથી કણોને અલગ કરવા માટે સામાન્ય રીતે કઈ પદ્ધતિનો ઉપયોગ થાય છે?

**Ans**
- ✗ A. બાષ્પીભવન (Evaporation)
- ✗ B. નિસ્યંદન (Distillation)
- ✓ C. ગાળણક્રિયા (Filtration)
- ✗ D. નિતારણ (Decantation)

**Q.65** યીસ્ટ (yeast) ને ફૂગ સૃષ્ટિ (Kingdom Fungi) માં વર્ગીકૃત કરવા માટે કઈ લાક્ષણિકતા મદદ કરે છે?

**Ans**
- ✗ A. તે બહુકોષીય સજીવ છે જે માયસેલિયમ (mycelium) બનાવે છે.
- ✓ B. તે એકકોષીય સજીવ છે, પરંતુ તેની કોષદીવાલ કાઇટીન (chitin) ની બનેલી હોય છે.
- ✗ C. તે આદિકોષકેન્દ્રીય (prokaryotic) સજીવ છે જેમાં વાસ્તવિક-સ્પષ્ટ કોષકેન્દ્રનો અભાવ હોય છે.
- ✗ D. તે પ્રકાશસંશ્લેષી સજીવ છે જે પોતાનો ખોરાક જાતે બનાવે છે.

**Q.66** નિયમિત વર્તુળ ગતિ (Uniform Circular Motion) કરતા પદાર્થ માટે નીચેનામાંથી કયું/કયા વિધાન સાચું/સાચા નથી?
**A.** પદાર્થની ઝડપ અચળ રહે છે.
**B.** પદાર્થનો વેગ અચળ રહે છે.
**C.** પદાર્થના વેગની દિશા સતત બદલાયા કરે છે.

**Ans**
- ✗ A. માત્ર A
- ✓ B. માત્ર B
- ✗ C. A અને B બંને
- ✗ D. A અને C બંને

**Q.67** જ્યારે હાઇડ્રોક્લોરિક એસિડ એ સોડિયમ હાઇડ્રોજનકાર્બોનેટ સાથે પ્રક્રિયા કરે છે ત્યારે કયો વાયુ મુક્ત થાય છે?

**Ans**
- ✓ A. કાર્બન ડાયોક્સાઇડ મુક્ત થાય છે
- ✗ B. હાઇડ્રોજન વાયુ મુક્ત થાય છે
- ✗ C. એમોનિયા વાય મુક્ત થાય છે
- ✗ D. ઓક્સિજન વાયુ મુક્ત થાય છે

**Q.68** નીચેનામાંથી કઈ પ્રક્રિયા સંયોગીકરણ પ્રક્રિયા (Combination reaction) નું શ્રેષ્ઠ પ્રતિનિધિત્વ કરે છે?

**Ans**
- ✓ A. મેગ્નેશિયમ ઓક્સિજન સાથે પ્રક્રિયા કરીને મેગ્નેશિયમ ઓક્સાઇડ બનાવે છે
- ✗ B. કેલ્શિયમ કાર્બોનેટનું કેલ્શિયમ ઓક્સાઇડ અને કાર્બન ડાયોક્સાઇડમાં વિઘટન થવું
- ✗ C. હાઇડ્રોક્લોરિક એસિડ સોડિયમ હાઇડ્રોક્સાઇડ સાથે પ્રક્રિયા કરીને સોડિયમ ક્લોરાઇડ અને પાણી બનાવે છે
- ✗ D. ઝીંક કોપર સલ્ફેટના દ્રાવણમાંથી કોપરનું વિસ્થાપન કરે છે

Blackbook

Get India's No 1 Vocab Preparation App for FREE : Blackbook : English Vocabulary
GET IT ON Google Play

**Q.69** યુંબકીય ક્ષેત્રમાં વિદ્યુતપ્રવાહધારિત વાહક કઈ પરિસ્થિતિમાં મહત્તમ બળ અનુભવશે?

**Ans**
- ✔ A. જ્યારે વાહકને યુંબકીય ક્ષેત્રરેખાઓને લંબરૂપે રાખવામાં આવે
- ✘ B. જ્યારે વાહકને ક્ષેત્રરેખાઓ સાથે 90 ડિગ્રી કરતાં ઓછા ખૂણે રાખવામાં આવે
- ✘ C. જ્યારે વાહકમાં કોઇ વિદ્યુતપ્રવાહ ન હોય
- ✘ D. જ્યારે વાહકને યુંબકીય ક્ષેત્રરેખાઓને સમાંતર રાખવામાં આવે

**Q.70** એક રાસાયણિક પ્રક્રિયામાં, 28 ગ્રામ કેલ્શિયમ ઓક્સાઇડ અને કાર્બન ડાયોક્સાઇડનો અજ્ઞાત જથ્થો (દળ) મેળવવા માટે 50 ગ્રામ કેલ્શિયમ કાર્બોનેટને ગરમ કરવામાં આવે છે. દ્રવ્ય સંચયના નિયમ (દળ સંરક્ષણના નિયમ) મુજબ, ઉત્પન્ન થયેલા કાર્બન ડાયોક્સાઇડનું દળ કેટલું હશે?

**Ans**
- ✘ A. 18 ગ્રામ
- ✘ B. 24 ગ્રામ
- ✔ C. 22 ગ્રામ
- ✘ D. 20 ગ્રામ

**Q.71** જ્યારે દરેક કિસ્સામાં સમાન કાર્ય થતું હોય, ત્યારે કઈ પરિસ્થિતિ ઉચ્ચત્તર પાવર આઉટપુટ દર્શાવે છે?

**Ans**
- ✘ A.
લાંબા સમયના અંતરાલમાં કાર્ય કરવું
- ✔ B. ટૂંકા સમયના ગાળામાં કાર્ય પૂરું કરવું
- ✘ C. સમાન મૂલ્યના કાર્ય માટે ઓછી ઊર્જા વાપરવી
- ✘ D. સમાન મૂલ્યના કાર્ય માટે વધુ બળ લગાવવું

**Q.72** કોઈ ચોક્કસ વનસ્પતિ પ્રજાતિ માટે પવન અને કીટક દ્વારા થતી પરાગનયનની અસરકારકતા અલગથી નક્કી કરવા માટે નીચે પૈકી કયો પ્રાયોગિક સેટઅપ મદદરૂપ થશે?

**Ans**
- ✔ A. પુષ્પોને બે જૂથોમાં વહેંચવા: એક જૂથ માત્ર પવન માટે ખુલ્લું અને બીજું જૂથ માત્ર કીટકો માટે ખુલ્લું.
- ✘ B. પરાગનયન થાય તે પહેલાં તમામ પુષ્પોમાંથી પ્રજનનક્ષમ પરાગાસન દૂર કરવા.
- ✘ C. બધા જ પુષ્પોને એક જ સમયે પવનના પ્રવાહ અને કીટક પરાગવાહકો બંને સમક્ષ ખુલ્લા રાખવા.
- ✘ D. કોઈપણ પ્રકારનું પરાગનયન થતું અટકાવવા માટે બધા જ પુષ્પોને સંપૂર્ણપણે ઢાંકી દેવા.

**Q.73** નીચેનામાંથી કઈ જઠરમાં હાઇડ્રોક્લોરિક એસિડ (HCl) ની મુખ્ય ભૂમિકા છે?

**Ans**
- ✘ A. ચરબીનું સીધું વિઘટન કરે છે.
- ✔ B. એસિડિક વાતાવરણ બનાવે છે.
- ✘ C. પાચન માટે પિત્ત ઉત્પન્ન કરે છે.
- ✘ D. પચેલા પોષકતત્ત્વોનું શોષણ કરે છે.

**Q.74** એક શિપિંગ કંપનીએ લાંબી દરિયાઈ સફર દરમિયાન તેમના લોખંડના માલવાહક જહાજોને ખારા સમુદ્રના પાણીમાં કાટ લાગવાથી બચાવવા જરૂરી છે. આ હેતુ માટે કાટ અટકાવવા માટે કઈ વ્યૂહરચના સૌથી વધુ અસરકારક રહેશે?

**Ans**
- ✔ A. વહાણના બહારના ભાગ પર સેક્રિફિશિયલ એનોડ (sacrificial anodes) તરીકે જસત (zinc) ના બ્લોક જોડવા
- ✘ B. બાંધકામ માટે શુદ્ધ લોખંડના પતરાનો ઉપયોગ કરવો
- ✘ C. ઉપયોગમાં ન હોય ત્યારે જહાજોને સૂકી હવામાં રાખવા
- ✘ D. વહાણના બહારના ભાગ (hull) પર સામાન્ય રંગ કરવો

**Q.75** પ્રતિક્રિયાત્મકતા શ્રેણી (reactivity series) માં તેમના સ્થાનના આધારે, નીચેનામાંથી કઈ ધાતુને ઠંડા પાણીમાં રાખવામાં આવે ત્યારે કોઈ અવલોકનક્ષમ ફેરફાર જોવા મળશે નહીં?

**Ans**
- ✘ A. સોડિયમ
- ✔ B. કોપર
- ✘ C. ઝિંક
- ✘ D. મેગ્નેશિયમ

Blackbook

Get India's No 1 Vocab Preparation App for FREE : Blackbook : English Vocabulary GET IT ON Google Play

**Q.76** 10 m ઊંચા એક મકાનની ટોચ પર રાખવામાં આવેલી 2 kg દળ ધરાવતી એક વસ્તુ 200 J સ્થિતિજ ઊર્જા ધરાવે છે. જ્યારે આ વસ્તુ જમીન પર અથડાશે ત્યારે તેની ગતિજ ઊર્જા કેટલી હશે? (હવાના અવરોધને અવગણો)

**Ans**
- ✗ A. 400 J
- ✓ B. 200 J
- ✗ C. 100 J
- ✗ D. 50 J

**Q.77** નીચેનામાંથી કયા તત્વમાં ફક્ત એક પ્રોટોન અને એક ન્યુટ્રોન હોય છે?

**Ans**
- ✓ A. ડ્યુટેરિયમ (Deuterium)
- ✗ B. પ્રોટિયમ (Protium)
- ✗ C. હીલિયમ (Helium)
- ✗ D. ટ્રિટિયમ (Tritium)

**Q.78** ટ્રેનનો વેગ-સમય આલેખ 5 સેકન્ડ માટે 24 m/s નો સ્થિર વેગ દર્શાવે છે, પછી આગામી 4 સેકન્ડમાં 0 m/s નો એકસમાન ઘટાડો દર્શાવે છે. તો t = 7 સેકન્ડ પર રેખીય વેગ કેટલો છે?

**Ans**
- ✗ A. 24 m/s
- ✗ B. 6 m/s
- ✓ C. 12 m/s
- ✗ D. 18 m/s

**Q.79** જો ગોલીય અરીસા દ્વારા રચાતું પ્રતિબિંબ વાસ્તવિક અને ઉલટું હોય, તો સંજ્ઞા પ્રણાલી (Sign Convention) મુજબ નીચેનામાંથી કયું પ્રતિબિંબ અંતરની સંજ્ઞાનું સાચું વર્ણન કરે છે?

**Ans**
- ✗ A. પ્રતિબિંબ અંતર ધન હોય છે.
- ✗ B. પ્રતિબિંબ અંતર બદલાતું રહે છે.
- ✗ C. પ્રતિબિંબ અંતર શૂન્ય હોય છે.
- ✓ D. પ્રતિબિંબ અંતર ઋણ હોય છે.

**Q.80** જો બે ઘર–એક કોંક્રિટનું બનેલું અને એક લાકડાનું બનેલું–બંને સમાન પ્રમાણમાં સૂર્યપ્રકાશના સંપર્કમાં આવે છે, તો રાત્રે કયું ઘર વધુ ગરમ રહેવાની સંભાવના છે?

**Ans**
- ✗ A. કોંક્રીટનું ઘર, કારણ કે તે બધા સૂર્યપ્રકાશનું પરાવર્તન કરે છે.
- ✗ B. લાકડાનું ઘર, કારણ કે તે વધુ સૂર્યપ્રકાશનું શોષણ કરે છે.
- ✓ C. કોંક્રીટનું ઘર, કારણ કે તે સંગ્રહિત ગરમીને ધીમે ધીમે મુક્ત કરે છે.
- ✗ D. લાકડાનું ઘર, કારણ કે તેમાં અતિશય પુનઃ-વિકિરણ થાય છે.

**Q.81** વનસ્પતિઓમાં મોટી રસધાની (vacuoles) હોય છે જે પાણીનો સંગ્રહ કરે છે, જ્યારે પ્રાણી કોષોમાં રસધાનીઓ ઘણી નાની હોય છે. જો વૈજ્ઞાનિકો એવા પાક વિકસાવવા માંગતા હોય જે દુષ્કાળ દરમિયાન લાંબા સમય સુધી ટકી શકે, તો કઈ પદ્ધતિ સૌથી વધુ ઉપયોગી થશે?

**Ans**
- ✓ A. વનસ્પતિ કોષોની રસધાનીઓનું કદ વધારવું જેથી તેઓ વધુ પાણી સંગ્રહ કરી શકે.
- ✗ B. વનસ્પતિ કોષોને હળવા બનાવવા માટે તેમાંથી રસધાનીઓ દૂર કરવી.
- ✗ C. વનસ્પતિ કોષોમાં પ્રાણી કોષોની જેમ ઘણી નાની રસધાનીઓ બનાવવી.
- ✗ D. વનસ્પતિ કોષોની રસધાનીઓમાં સંગ્રહિત પાણીનું પ્રમાણ ઘટાડવું.

- ✗ B. વિધાન (I) માં આપેલી માહિતી એકલી જ પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે, જ્યારે કે વિધાન (II) માં આપેલી માહિતી પૂરતી નથી.
- ✗ C. વિધાન (I) અને (II) માં આપેલી માહિતીને એકસાથે લેતા (અને વિધાન I અથવા વિધાન II ની માહિતીને એકલી રીતે ધ્યાનમાં ન લેતા) તે પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે.
- ✗ D. વિધાન (II) માં આપેલી માહિતી એકલી જ પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે, જ્યારે કે વિધાન (I) માં આપેલી માહિતી પૂરતી નથી.

**Q.29** નીચે આપેલી શ્રેણીમાં પ્રશ્નચિહ્ન (?) ના સ્થાને શું આવવું જોઈએ?

31, 33, 37, 43, 51 ?

**Ans**
- ✗ A. 60
- ✗ B. 63
- ✗ C. 62
- ✓ D. 61

Get India's No 1 Vocab Preparation App for FREE : Blackbook : English Vocabulary
GET IT ON Google Play

Q.30 અમિત પોઈન્ટ A થી ડ્રાઈવ કરવાનું શરૂ કરે છે અને દક્ષિણ તરફ 9 km ડ્રાઈવ કરે છે. પછી તે જમણો વળાંક લે છે, 14 km ડ્રાઈવ કરે છે, જમણે વળે છે અને 12 km ડ્રાઈવ કરે છે. ત્યારબાદ તે જમણો વળાંક લે છે અને 18 km ડ્રાઈવ કરે છે. તે છેલ્લો જમણો વળાંક લઈને 3 km ડ્રાઈવ કરે છે અને પોઈન્ટ P પર રોકાય છે. પોઈન્ટ A પર ફરીથી પહોંચવા માટે તેણે કેટલું દૂર (સૌથી ઓછું અંતર) અને કઈ દિશામાં ડ્રાઈવ કરવું જોઈએ? (બધા વળાંકો ફક્ત 90 અંશ (ડિગ્રી) ના વળાંકો છે સિવાય કે અન્ય કંઈ ઉલ્લેખિત હોય.)

Ans
- ✗ A. 4 km પૂર્વ તરફ
- ✗ B. 5 km પશ્ચિમ તરફ
- ✓ C. 4 km પશ્ચિમ તરફ
- ✗ D. 5 km પૂર્વ તરફ

Q.31 **નીચે આપેલી અક્ષર શ્રેણીનો અભ્યાસ કરો અને તેની નીચે આપેલા પ્રશ્નનો જવાબ આપો.**

**(ડાબી બાજુ) M S H T N D K U Z G O A Q C R X F I W Y E (જમણી બાજુ)**

**આપેલી શ્રેણીમાં જમણા છેડાથી સાતમા અક્ષર અને ડાબા છેડાથી પાંચમા અક્ષર વચ્ચે, અંગ્રેજી મૂળાક્ષરોની શ્રેણીમાં કેટલા અક્ષરો આવે છે?**

Ans
- ✗ A. પાંચ
- ✓ B. ત્રણ
- ✗ C. છ
- ✗ D. ચાર

Q.32 એક ચોક્કસ કોડ ભાષામાં, 'youth bean phone' ને 'jp wr sd' તરીકે કોડ કરવામાં આવે છે અને 'lady phone song' ને 'wd lz wr' તરીકે કોડ કરવામાં આવે છે. આપેલી ભાષામાં 'phone' માટેનો કોડ શું છે?

Ans
- ✗ A. jp
- ✗ B. wd
- ✓ C. wr
- ✗ D. sd

Q.33 L એ Y નો ભાઈ છે. Y એ V ના પિતા છે. E એ Q ના પિતા છે. Q એ V નો પુત્ર છે. L ને Q સાથે શું સંબંધ છે?

Ans
- ✗ A. પત્નીના પિતાનો ભાઈ
- ✗ B. પિતાનો ભાઈ
- ✗ C. ભાઈ
- ✓ D. માતાના પિતાનો ભાઈ

Q.34 અંગ્રેજી મૂળાક્ષરોના ક્રમના આધારે એક ચોક્કસ તર્કને અનુસરીને FGDZ એ XYVR સાથે સંબંધિત છે. તે જ તર્કને અનુસરીને, VWTP એ NOLH સાથે સંબંધિત છે. તો આ સમાન તર્કને અનુસરીને, GHEA એ નીચેનામાંથી કયા વિકલ્પ સાથે સંબંધિત છે?

Ans
- ✓ A. YZWS
- ✗ B. YAVB
- ✗ C. YYVS
- ✗ D. YZVS

Q.35 18 એ અમુક ચોક્કસ તર્કને અનુસરીને 59 સાથે સંબંધિત છે. તે જ તર્કને અનુસરીને, 23 એ 74 સાથે સંબંધિત છે. સમાન તર્કને અનુસરીને 31 એ આપેલા વિકલ્પોમાંથી કયા વિકલ્પની સાથે સંબંધિત છે?

(નોંધ: સંખ્યાઓને તેમના ઘટક અંકોમાં જુદી પાડ્યા વિના, પૂર્ણ સંખ્યાઓ પર ક્રિયાઓ (Operations) કરવાની રહેશે. દા.ત. 13 લો – 13 આ સંખ્યા પર ક્રિયાઓ, જેમ કે 13 માં સરવાળો/ બાદબાકી/ ગુણાકાર વગેરે પૂર્ણ 13 પર કરી શકાય છે. 13 ને 1 અને 3 માં જુદી પાડીને ત્યારબાદ 1 અને 3 પર ગાણિતિક ક્રિયાઓ કરવાની છૂટ નથી.)

Ans
- ✗ A. 102
- ✓ B. 98
- ✗ C. 106
- ✗ D. 112

Blackbook

Get India's No 1 Vocab Preparation App for FREE : Blackbook : English Vocabulary

GET IT ON Google Play

Q.36 LNLM એ અંગ્રેજી મૂળાક્ષરોના ક્રમના આધારે ચોક્કસ રીતે PRPQ સાથે સંબંધિત છે. QSQR તે જ રીતે UWUV સાથે સંબંધિત છે. તે જ તર્કને અનુસરીને, ZBZA નીચેનામાંથી કોની સાથે સંબંધિત છે?

Ans
- ✗ A. DGCI
- ✗ B. DECE
- ✓ C. DFDE
- ✗ D. DFCE

Q.37 એક ચોક્કસ સાંકેતિક ભાષામાં, 'GOAT' ને '7269' અને 'TEAO' ને '4679' તરીકે સંકેત કરવામાં આવે છે. આપેલી સાંકેતિક ભાષામાં 'E' માટે કયો સંકેત છે?

Ans
- ✗ A. 7
- ✗ B. 9
- ✓ C. 4
- ✗ D. 6

Q.38 PRIVATE શબ્દમાં, જ્યારે બધા અક્ષરોને અંગ્રેજી મૂળાક્ષરોના ક્રમમાં (ડાબી બાજુથી જમણી બાજુ) ગોઠવવામાં આવે, તો નવી ગોઠવણીમાં કયા અક્ષરો ત્રીજા અને ચોથા સ્થાન પર (ડાબી બાજુથી જમણી બાજુ) આવશે?

Ans
- ✗ A. R T
- ✓ B. I P
- ✗ C. P R
- ✗ D. E I

Q.39 સાત લોકો P, Q, R, S, T, U અને V એક હરોળમાં ઉત્તર દિશા તરફ મુખ રાખીને બેસે છે. Q અને S ની વચ્ચે માત્ર બે લોકો બેસે છે. T એ U ની તરત જ ડાબી બાજુએ બેસે છે. R એ Q ની જમણી બાજુએ ત્રીજા સ્થાને બેસે છે. V એ S અને P બંનેની તરત જ બાજુમાં બેસે છે. જો હરોળના છેક ડાબા છેડા પર બેસેલી વ્યક્તિ, V સાથે પોતાના સ્થાનની અદલાબદલી કરે, તો હવે V ની તરત જ બાજુમાં કોણ બેસે છે?

Ans
- ✗ A. Q
- ✓ B. S
- ✗ C. P
- ✗ D. T

Q.40 A, B, C, D, E અને F એક જ ઈમારતના છ અલગ અલગ માળ પર રહે છે. ઈમારતમાં સૌથી નીચેના માળને 1, તેની ઉપરના માળને 2 અને તે મુજબ ઉપરના માળોને ક્રમાંક આપેલા છે, સૌથી ઉપરના માળનો ક્રમાંક 6 છે.
A અને B જે માળ પર રહે છે તેનો ગુણાકાર 10 છે. E એ C ની તરત જ ઉપરના માળ પર રહે છે. D અને A જે માળ પર રહે છે તેનો સરવાળો 11 છે.
B અને E જે માળ પર રહે છે તેનો સરવાળો કેટલો છે?

Ans
- ✗ A. 7
- ✗ B. 8
- ✗ C. 5
- ✓ D. 6

Q.41 અંગ્રેજી મૂળાક્ષરોના ક્રમના આધારે, નીચે આપેલી ચાર અક્ષર-સમૂહ જોડીઓમાંથી ત્રણ અમુક ચોક્કસ રીતે સમાન છે અને તેથી એક જૂથ બનાવે છે. કઈ અક્ષર-સમૂહ જોડી તે જૂથ સાથે સંબંધિત નથી?
(નોંધ: અલગ પડતી અક્ષર-સમૂહ જોડી વ્યંજનો/સ્વરોની સંખ્યા અથવા અક્ષર સમૂહમાં તેમની સ્થિતિ/સ્થાન પર આધારિત નથી.)

Ans
- ✗ A. LO–KN
- ✗ B. FI–EH
- ✓ C. SV–QW
- ✗ D. AD–ZC

Blackbook

Get India's No 1 Vocab Preparation App for FREE : Blackbook : English Vocabulary

GET IT ON Google Play

**Q.42** અંગ્રેજી વર્ણમાળાના ક્રમના આધારે આપેલ શ્રેણીમાં પ્રશ્ન ચિહ્ન (?) ના સ્થાને શું આવશે?

**BUN HAT NGZ TMF ?**

**Ans**
- ✗ A. ZSE
- ✓ B. ZSL
- ✗ C. ZLS
- ✗ D. ZES

**Q.43** જો '+' નો અર્થ '×', '−' નો અર્થ '+', '×' નો અર્થ '÷', '÷' નો અર્થ '−' હોય, તો નીચેના સમીકરણમાં પ્રશ્નચિહ્ન (?) ના સ્થાને શું આવશે?

**12 − 6 + 3 × 2 = ?**

**Ans**
- ✗ A. 18
- ✗ B. 15
- ✗ C. 9
- ✓ D. 21

**Q.44** નીચે આપેલી અક્ષર શ્રેણીનો અભ્યાસ કરો અને તેની નીચે આપેલા પ્રશ્નનો જવાબ આપો. ગણતરી ફક્ત ડાબી બાજુથી જમણી બાજુ કરવાની છે.

**(ડાબી બાજુ) S Q B T V J Y H G T E X A J T E H Y B V F T E B M (જમણી બાજુ)**

એવા કેટલા વ્યંજનો છે, જે દરેકની તરત જ પહેલા એક સ્વર આવે છે અને તરત જ પછી પણ એક સ્વર આવે છે?

**Ans**
- ✗ A. ત્રણ
- ✗ B. એકપણ નહીં
- ✗ C. બે
- ✓ D. એક

**Q.45** અંગ્રેજી મૂળાક્ષરોના ક્રમના આધારે, નીચે આપેલ ચાર અક્ષર-સમૂહ જોડીઓમાંથી ત્રણ અમુક ચોક્કસ રીતે સમાન છે અને આમ એક જૂથ બનાવે છે. તો કઈ અક્ષર-સમૂહ જોડી તે જૂથ સાથે સંબંધિત નથી?

(નોંધઃ અલગ પડતી અક્ષર-સમૂહ જોડી વ્યંજનો/સ્વરોની સંખ્યા અથવા અક્ષર સમૂહમાં તેમની સ્થિતિ/સ્થાન પર આધારિત નથી.)

**Ans**
- ✗ A. XC - EJ
- ✗ B. BG - IN
- ✗ C. WB - DI
- ✓ D. OT - BI

Blackbook

Get India's No 1 Vocab Preparation App for FREE : Blackbook : English Vocabulary

GET IT ON Google Play

Q.46 **આ પ્રશ્નમાં, નીચે આપેલા કોડ અને ત્યારબાદની શરતો અનુસાર અક્ષર કોડનો ઉપયોગ કરીને સંખ્યાઓ/પ્રતીકોના જૂથને કોડ કરવામાં આવ્યા છે. શરતોને અનુસરીને કોડનું યોગ્ય સંયોજન એ તમારો જવાબ છે. જો કોઈ પણ શરતો લાગુ પડતી ન હોય, તો તત્વોને કોષ્ટકમાં આપ્યા મુજબના કોડ અનુસાર કોડ કરવાના છે.**

| સંખ્યા/પ્રતીક | @ | 9 | # | 5 | ? | 2 | ! | 0 | & | 4 |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| કોડ | V | Y | A | D | F | I | L | O | R | U |

**શરતો –**
**(i) જો પહેલું તત્ત્વ એક પ્રતીક હોય અને છેલ્લું તત્ત્વ એક સંખ્યા હોય, તો આ બે (પહેલા અને છેલ્લા તત્ત્વો) માટેના કોડને એકબીજાની સાથે બદલવાના રહેશે.**
**(ii) જો પહેલું તત્ત્વ એક એકી સંખ્યા હોય અને છેલ્લું એક બેકી સંખ્યા હોય, તો પ્રથમ અને છેલ્લા તત્ત્વોને © તરીકે કોડ કરવાના રહેશે.**
**(iii) જો બીજા અને ત્રીજા બંને તત્ત્વો પૂર્ણ વર્ગ હોય, તો ત્રીજા તત્ત્વ માટેનો કોડ એ ત્રીજા તત્ત્વના કોડના સમાન રહેશે.**

**નીચેના સંખ્યા-પ્રતીક સમૂહ માટેનો કોડ શું છે?**
**5 ? & 0 2**

Ans
✔ A. © F R O ©
✘ B. D F R O I
✘ C. © F O R I
✘ D. D F R O ©

Q.47 **A, B, C, D, E અને F એક જ ઈમારતના છ અલગ અલગ માળ પર રહે છે. ઈમારતમાં સૌથી નીચેના માળને 1, તેની ઉપરના માળને 2 અને તે મુજબ ઉપરના માળોને ક્રમાંક આપેલા છે, સૌથી ઉપરના માળનો ક્રમાંક 6 છે.**
**D એકી સંખ્યા ધરાવતા માળ ક્રમાંક પર રહે છે પરંતુ 5 પર નહીં. D અને F જે માળ પર રહે છે તે માળનો સરવાળો 5 છે. F અને B ની વચ્ચે માત્ર 3 લોકો રહે છે. C એ A ની તરત જ ઉપર રહે છે.**
**C અને D ની વચ્ચે કેટલા લોકો રહે છે?**

Ans
✘ A. 3
✔ B. 1
✘ C. 4
✘ D. 2

Q.48 **જો સંખ્યા 5482136 ના દરેક એકી અંકમાં 1 ઉમેરવામાં અને દરેક બેકી અંકમાંથી 2 બાદ કરવામાં આવે, તો આ રીતે બનેલી નવી સંખ્યામાં કેટલા અંક એક કરતાં વધુ વખત જોવા મળશે?**

Ans
✔ A. ત્રણ
✘ B. બે
✘ C. એકપણ નહીં
✘ D. એક

Q.49 **જો 'JOURNEY' શબ્દના અક્ષરોને અંગ્રેજી મૂળાક્ષરોના ઉલટા ક્રમમાં ગોઠવવામાં આવે, તો કેટલા અક્ષરોના સ્થાન અપરિવર્તિત (યથાવત) રહેશે?**

Ans
✘ A. બે
✔ B. એક
✘ C. એકપણ નહીં
✘ D. ત્રણ

Q.50 **જો ‘A’ નો અર્થ ‘+’, ‘B’ નો અર્થ ‘−’, ‘C’ નો અર્થ ‘×’, અને ‘D’ નો અર્થ ‘÷’ હોય, તો નીચેના સમીકરણમાં પ્રશ્નચિહ્ન (?) ના સ્થાને શું આવશે?**
**11 C 4 B 21 D 3 A 12 = ?**

Ans
✘ A. 45
✘ B. 51
✘ C. 47
✔ D. 49

Section : **General Science**

Blackbook
Get India's No 1 Vocab Preparation App for FREE : Blackbook : English Vocabulary
GET IT ON Google Play

**Q.51** 'પદાર્થની અવસ્થાઓનું આંતરરૂપાંતરણ' અને 'દહન (burning)' ______નાં ઉદાહરણો છે.

**Ans**

✗ A. અનુક્રમે રાસાયણિક અને ભૌતિક પરિવર્તન

✗ B. બંને ભૌતિક પરિવર્તન

✗ C. બંને રાસાયણિક પરિવર્તન

✓ D. અનુક્રમે ભૌતિક અને રાસાયણિક પરિવર્તન

**Q.52** કયા પ્રકારની પેશી મુખ્યત્વે કંકાલ-સ્નાયુતંત્રમાં હલનચલન માટે જવાબદાર છે?

**Ans**

✗ A. ચેતા પેશી

✗ B. અધિચ્છદીય પેશી

✓ C. સ્નાયુ પેશી

✗ D. સંયોજક પેશી

**Q.53** કઈ સંજ્ઞા ઓક્સિજન તત્વને દર્શાવે છે?

**Ans**

✓ A. O

✗ B. C

✗ C. N

✗ D. S

**Q.54** એક વિદ્યાર્થી લંબ જોડે કોઈ ખૂણો બને તેમ પાણીમાંથી હવામાં લેસરનું કિરણ ફેંકે છે. તે અવલોકન કરે છે કે આ કિરણ હવામાં પ્રવેશતાની સાથે જ લંબથી દૂર વળે છે. આ અવલોકન દ્વારા વક્રીભવનના નિયમોની કઈ વિભાવના સૌથી સ્પષ્ટ રીતે પ્રદર્શિત થાય છે?

**Ans**

✗ A. પરાવર્તનનો નિયમ નક્કી કરે છે કે લેસર કિરણ લંબથી દૂર તરફ વળે.

✗ B. પ્રકાશ હંમેશાં જુદા જુદા માધ્યમોમાંથી સીધી રેખામાં ગતિ કરે છે, જે વક્રીભવનના નિયમો દ્વારા સમજાવવામાં આવે છે.

✗ C. જ્યારે લેસર કિરણ હવામાં પ્રવેશ કરે છે ત્યારે પૂર્ણ આંતરિક પરાવર્તન એ વર્તણૂકને સમજાવે છે.

✓ D. જ્યારે પ્રકાશ ઘટ્ટ માધ્યમમાંથી પાતળા માધ્યમમાં ગતિ કરે છે, ત્યારે તે લંબથી દૂર તરફ વળે છે.

**Q.55** એક દોડવીર 400 m લંબાઈનો વર્તુળાકાર માર્ગ 80 s માં પૂર્ણ કરે છે અને પ્રારંભિક બિંદુએ જ પોતાની દોડ સમાપ્ત કરે છે. આ દોડ માટે સરેરાશ વેગનું મૂલ્ય કેટલું હશે?

**Ans**

✗ A. 5 m/s

✗ B. 4 m/s

✓ C. 0 m/s

✗ D. 10 m/s

**Q.56** નીચેનામાંથી કયું વિધાન વનસ્પતિમાં વૃદ્ધિના કારણે થતી હલનચલનનું શ્રેષ્ઠ વર્ણન કરે છે?

**Ans**

✗ A. મૂળ દ્વારા જમીનમાંથી પાણીનું શોષણ થવું

✗ B. વિનસ ફ્લાયટ્રેપના પર્ણનું ઝડપથી બંધ થઇ જવું

✓ C. પ્રકાંડનું પ્રકાશના સ્રોત તરફ વળવું

✗ D. લજામણીના પર્ણને અડકતાં જ તેનું બીડાઇ જવું

**Q.57** નીચેનામાંથી કયું પ્રાણીઓમાં સંયોજક પેશી નથી?

**Ans**

✓ A. ચેતાકોષ

✗ B. સ્નાયુબંધ (Tendon)

✗ C. અસ્થિબંધ

✗ D. કાસ્થિ (Cartilage)

**Q.58** જો કોઈ વ્યક્તિ દિવાલની નજીક ઉભી રહે છે અને પોતાના હાથથી દિવાલને ધક્કો મારે છે, તો દિવાલ દ્વારા વ્યક્તિ પર લગાવવામાં આવતા બળ અંગે નીચેનામાંથી કયું વિધાન સાચું છે?

**Ans**

✗ A. દિવાલ વ્યક્તિને પોતાની તરફ ખેંચે છે

✗ B. દિવાલ ધક્કો મારવાની દિશામાં જ વધુ બળ લગાવે છે.

✗ C. દિવાલ વ્યક્તિ પર કોઈ બળ લગાવતી નથી.

✓ D. દિવાલ વ્યક્તિ પર સમાન અને વિરુદ્ધ બળ લગાવે છે.

Blackbook

Get India's No 1 Vocab Preparation App for FREE : Blackbook : English Vocabulary

GET IT ON Google Play

**Q.59** **ગ્રેફાઇટની તુલનામાં હીરાની કઠિનતા શા માટે ઘણી વધારે હોય છે?**

**Ans**
- ❌ A. ગ્રેફાઇટ પરમાણુઓ વચ્ચે ધાત્વિક બંધ ધરાવે છે
- ❌ B. ગ્રેફાઇટ પરમાણુઓની લવચીક સાંકળોથી બનેલું છે
- ✅ C. હીરો મજબૂત બંધારણ ધરાવતું ત્રિ-પરિમાણીય નેટવર્ક ધરાવે છે
- ❌ D. હીરો શીટમાં શિથિલ રીતે ગોઠવાયેલા પરમાણુઓ ધરાવે છે

**Q.60** **જેને સામાન્ય રીતે "બિલ્ડિંગ બ્લોક ઓફ લાઇફ" કહેવામાં આવે છે તે તત્ત્વ _____ છે.**

**Ans**
- ❌ A. આયર્ન
- ❌ B. હિલિયમ
- ✅ C. કાર્બન
- ❌ D. સલ્ફર

**Q.61** **0.5 kg દળ ધરાવતો હોકી પક (hockey puck) બરફ પર 8 m/s ના પ્રારંભિક વેગથી સરકે છે. જો કોઈ ખેલાડી 0.5 s માટે અચળ બળ લાગુ કરે અને પકનો વેગ વધીને 12 m/s થાય, તો લાગુ બળનું પરિમાણ કેટલું હશે?**

**Ans**
- ❌ A. 8 N
- ❌ B. 6 N
- ❌ C. 2 N
- ✅ D. 4 N

**Q.62** **કરોડસ્તંભ ધરાવતા પ્રાણીઓનું વર્ગીકરણ _____________ ઉપસમુદાય (subphylum) અંતર્ગત કરવામાં આવે છે.**

**Ans**
- ❌ A. સંધિપાદ (Arthropoda)
- ❌ B. નૂપુરક (Annelida)
- ✅ C. પૃષ્ઠવંશી (Vertebrata)
- ❌ D. મૃદુકાય (Mollusca)

**Q.63** **દ્વિઅંગી (Bryophytes) વનસપતિઓ ત્રિઅંગી (Pteridophytes) ની સરખામણીમાં શુષ્ક ભૂમિવાળા વાતાવરણમાં વસવાટ કરવાની મર્યાદિત ક્ષમતા ધરાવે છે કારણ કે:**

**Ans**
- ❌ A. તેઓ પુષ્પો દ્વારા પ્રજનન કરે છે જેને કીટકો દ્વારા પરાગનયન (pollination)ની જરૂર પડે છે.
- ❌ B. તેઓ સોય જેવા પર્ણો ધરાવે છે જે પાણીના વ્યયને ઘટાડે છે.
- ✅ C. તેમાં વાહક પેશીઓ (vascular tissues) નો અભાવ હોય છે અને ભેજની આવશ્યકતા રહે છે.
- ❌ D. તેઓ એવા બીજ ઉત્પન્ન કરે છે જે શુષ્ક પરિસ્થિતિમાં ટકી શકતા નથી.

**Q.64** **જ્યારે ધ્વનિ હવામાંથી પાણીમાં પ્રવેશે છે, ત્યારે તેની ઝડપ પર શું અસર થાય છે તે નીચેનામાંથી કયું વિધાન સૌથી સારી રીતે સમજાવે છે?**

**Ans**
- ❌ A. ધ્વનિ પાણીમાં પ્રવેશે ત્યારે તેની પીચ (તીવ્રતા) બદલાય છે.
- ❌ B. હવા અને પાણી બંનેમાં ધ્વનિની ઝડપ સમાન રહે છે.
- ✅ C. ધ્વનિ હવામાંથી પાણીમાં ગતિ કરે ત્યારે તેની ઝડપ વધે છે.
- ❌ D. ધ્વનિ હવામાંથી પાણીમાં ગતિ કરે ત્યારે તેની ઝડપ ઘટે છે.

**Q.65** **જો કોઈ પરમાણુના કેન્દ્રમાં માત્ર ન્યુટ્રોન ઉમેરવામાં આવે, પરંતુ પ્રોટોન અથવા ઇલેક્ટ્રોન ઉમેરવામાં ન આવે, તો નીચેનામાંથી શું બદલાશે?**

**Ans**
- ✅ A. દળાંક વધશે, પરંતુ તત્વનો વીજભાર બદલાશે નહીં.
- ❌ B. પરમાણુ ક્રમાંક વધશે, જેથી તત્વ બદલાઈ જશે.
- ❌ C. કેન્દ્ર પરનો વીજભાર ઋણ થઈ જશે.
- ❌ D. ઇલેક્ટ્રોનની સંખ્યામાં ફેરફાર થશે, જેનાથી પ્રતિક્રિયાત્મકતામાં ફેરફાર થશે.

**Q.66** **જ્યારે મેગ્નેશિયમ હવામાં પ્રક્રિયા કરે છે ત્યારે સામાન્ય અવલોકન શું છે?**

**Ans**
- ❌ A.
તે વાદળી દ્રાવણ બનાવે છે
- ❌ B. તે લાલ અવશેષ બનાવે છે
- ✅ C. તે સફેદ પાવડર જેવી રાખ બનાવે છે
- ❌ D. તે લીલા સ્ફટિકો બનાવે છે

Blackbook

**Q.67** ચીકણા (greasy) કપડાં સાફ કરવામાં સાબુ કેવી રીતે મદદ કરે છે?

**Ans**

❌ A. તે પાણી સાથે પ્રક્રિયા કરીને એસિડ બનાવે છે.

❌ B. તે પાણીમાં ચીકણા દ્રવ્ય (ગ્રીસ)ને સીધું ઓગાળી દે છે.

❌ C. તે ગ્રીસનો રંગ બદલીને તેને અદ્રશ્ય બનાવે છે

✔ D. તે મિસેલ્સ બનાવે છે જે ગ્રીસને ફસાવે છે અને તેને ધોઇ નાખે છે

**Q.68** નાઇટ્રોજન ચક્રના ભાગ રૂપે જમીનમાં એઝોટોબેક્ટર (Azotobacter) બેક્ટેરિયા દ્વારા કઈ પ્રક્રિયા હાથ ધરવામાં આવે છે?

**Ans**

❌ A. નાઇટ્રેટ્સનું નાઇટ્રોજન વાયુમાં રૂપાંતર

✔ B. નાઇટ્રોજન વાયુનું એમોનિયામાં રૂપાંતર

❌ C. એમોનિયાનું પ્રોટીનમાં રૂપાંતર

❌ D. એમોનિયાનું નાઇટ્રાઇટમાં રૂપાંતર

**Q.69** એક ખનન કંપની (mining company) એક નવી ધાતુ શોધી કાઢે છે જે સક્રિયતા શ્રેણીમાં નીચે છે અને તેની મુક્ત (native) અવસ્થામાં મળી આવે છે. શુદ્ધ ધાતુને કુશળતાપૂર્વક મેળવવા માટે કંપનીએ કઈ નિષ્કર્ષણ પદ્ધતિને અગ્રતા આપવી જોઈએ?

**Ans**

✔ A. ભૌતિક અલગીકરણ જેમ કે હાથથી વીણવું અથવા ધોવું

❌ B. કાચી ધાતુનું ઉષ્મિય વિઘટન

❌ C. હવામાં ભુંજન અને ત્યારબાદ રિડક્શન

❌ D. ગલિત ધાતુના ક્ષારનું વિદ્યુત વિભાજન

**Q.70** ભારતમાં ઉચ્ચ વનસ્પતિ વિવિધતામાં નીચેનામાંથી કયું પરિબળ ફાળો આપે છે?

**Ans**

❌ A. એકસમાન માટીના પ્રકારો

✔ B. વિવિધ આબોહવાકીય પ્રદેશો

❌ C. મર્યાદિત વરસાદ

❌ D. એકસમાન ઊંચાઇ

**Q.71** એમોનિયમ સલ્ફેટના દ્રાવણની pH આશરે 5 જેટલી જોવા મળે છે. કયું વિધાન આ અવલોકનને સ્પષ્ટ કરે છે?

**Ans**

❌ A. ક્ષાર પ્રબળ બેઇઝ અને પ્રબળ એસિડમાંથી બનેલો છે, જેથી તે તટસ્થ છે.

✔ B. ક્ષાર નિર્બળ બેઇઝ અને પ્રબળ એસિડમાંથી બનેલો છે, જે એસિડિક જળવિભાજન પ્રેરે છે.

❌ C. ક્ષાર નિર્બળ એસિડ તેમજ પ્રબળ બેઇઝમાંથી બનેલો છે, જે બેઝિક જળવિભાજન પ્રેરે છે.

❌ D. ક્ષાર બફર (buffer, બદલાણ અટકાવતા દ્રાવણ) તરીકે કાર્ય કરે છે, જે pH માં થતાં ફેરફાર સામે પ્રતિકાર કરે છે.

**Q.72** જો બે સજીવોનું જીનસ (Genus - પ્રજાતિ) એક જ હોય પરંતુ તેમની સ્પીસીઝ (Species - જાતિ) અલગ હોય, તો તેનો અર્થ એ થાય કે:

**Ans**

❌ A. તેઓ વચ્ચે કોઈ સામાન્ય લાક્ષણિક્તાઓ (characteristics) નથી

❌ B. તેઓ જુદી જુદી પ્રજાતિઓ (genera) ના સજીવો કરતાં એકબીજાથી ઓછા સંબંધિત છે

❌ C. તેઓની તમામ લાક્ષણિક્તાઓ (characteristics) એકસમાન છે.

✔ D. તેઓ એકબીજા સાથે નજીકથી સંબંધિત છે, પરંતુ જાતિ સ્તરે ભિન્ન (જુદા) છે

**Q.73** આદર્શ રીતે ડિઝાઇન કરેલા નીચેના સાદા યંત્રોમાંથી કયા યંત્રનો ઉપયોગ એક મોટા પથ્થરને લઘુત્તમ પ્રયત્નબળ સાથે લંબરૂપ ઉપર તરફ ઉઠાવવા માટે કરવો જોઈએ?

**Ans**

✔ A. બહુવિધ સહાયક દોરીઓ ધરાવતી ગરગડી પ્રણાલી

❌ B. તીવ્ર ઢાળ ધરાવતી ત્રાંસી કે ઢાળવાળી (inclined) સપાટી

❌ C. પ્રયત્નબળ ટૂંકો ભુજા ધરાવતો ઉચ્ચાલક

❌ D. દિશા બદલવા માટે એક જ સ્થિર ગરગડી

**Q.74** એક છોડ સીલબંધ કાચની બરણીમાં હવાચુસ્ત રીતે કેટલાક દિવસો સુધી રાખવામાં આવે છે. કઈ જીવન પ્રક્રિયાને સૌથી વધુ અસર થવાની સંભાવના છે?

**Ans**

❌ A. ખોરાકનું ઊર્જામાં રૂપાંતર

❌ B. પોષક તત્વોનું વહન

✔ C. આસપાસના વાતાવરણ સાથે વાયુઓનો વિનિમય

❌ D. મૂળ દ્વારા પાણીનું શોષણ

Blackbook

Get India's No 1 Vocab Preparation App for FREE : Blackbook : English Vocabulary

GET IT ON Google Play

**Q.75** **નીચેનામાંથી કયું વિધાન પ્રવાહી મોઝેક મોડેલ (fluid mosaic model) વિશે ખોટું છે?**

**Ans**

❌ A. પટલના અણુઓ બાજુમાં ખસી શકે છે, પલટી શકે છે અને ફરી શકે છે, જે તેને પ્રવાહી સ્વરૂપ આપે છે.

✔ B. પટલમાં રહેલા ચરબી (Fats) ના અણુઓ ગેટકીપર તરીકે કાર્ય કરે છે, જે પદાર્થોને પસાર થવામાં મદદ કરે છે.

❌ C. કોષરસ પટલ દ્વિમેદસ્તરીય (lipid bilayers) ધરાવે છે.

❌ D. પાણી પ્રત્યે આકર્ષક શીર્ષ (heads) બહારની તરફ અને પાણી પ્રત્યે અપાકર્ષક પૂંછડીઓ (tails) અંદરની તરફ હોય તેવા વિશેષ ચરબીના અણુઓનું સ્તર છે.

**Q.76** **લોરિન વાયુની _____ પર ક્રિયા દ્વારા બ્લીચિંગ પાવડર મેળવવામાં આવે છે.**

**Ans**

❌ A. કળી ચૂનો

❌ B. પાણી

❌ C. ચૂનાનું પાણી

✔ D. ફોડેલો ચૂનો (slaked lime)

**Q.77** **મગજના કયા ભાગને નુકસાન થવાથી શ્વાસોશ્વાસ અને હૃદયના ધબકારામાં તાત્કાલિક વિક્ષેપ થવાની સંભાવના સૌથી વધુ છે?**

**Ans**

❌ A. બૃહદમસ્તિષ્ક (Cerebrum)

❌ B. અનુમસ્તિષ્ક (Cerebellum)

✔ C. લંબમજ્જા (Medulla oblongata)

❌ D. હાઇપોથેલેમસ (Hypothalamus)

**Q.78** **પૃથ્વીના વાતાવરણનું કયું સ્તર મુખ્યત્વે મોટાભાગની હવામાનની ઘટનાઓ માટે જવાબદાર છે?**

**Ans**

✔ A. ક્ષોભમંડળ

❌ B.
મધ્યાવરણ

❌ C. સમતાપ આવરણ

❌ D. ઉષ્માવરણ

**Q.79** **નીચેનામાંથી કઈ ઘટના દ્વારા માનવ માદાઓમાં ઋતુચક્ર (menstrual cycle) ની શરૂઆત થાય છે?**

**Ans**

❌ A. શુક્રકોષ દ્વારા અંડકોષનું ફલન

❌ B. ફલિતાંડનું પ્રત્યારોપણ

✔ C. ગર્ભાશયની દીવાલનું તૂટીને ઝરવું

❌ D. પરિપક્વ અંડકોષનું અંડકોષમોચન

**Q.80** **પૃથ્વી પરથી જોતાં તારાઓના ટમટમવા (twinkling) અંગે નીચેનામાંથી કયું/કયા વિધાન સાચું/સાચા છે?**
**(i) તારાઓનું ટમટમવું વાતાવરણીય વક્રીભવનને કારણે થાય છે.**
**(ii) પૃથ્વીના વાતાવરણની ઘનતા તમામ ઊંચાઈઓ પર સમાન હોય છે.**
**(iii) બદલાતી વાતાવરણીય પરિસ્થિતિઓને કારણે તારાઓનું આભાસી સ્થાન થોડું બદલાય છે.**
**(iv) તારાઓ કરતા ગ્રહો માટે ટમટમવાની ક્રિયા વધુ સ્પષ્ટ હોય છે.**

**Ans**

✔ A. બંને (i) અને (iii)

❌ B. બંને (i) અને (ii)

❌ C. બંને (iii) અને (iv)

❌ D. બંને (ii) અને (iv)

**Q.81** **જ્યારે કોઈ વસ્તુ ચલ ગતિએ સીધી રેખા પર આગળ વધી રહી હોય, ત્યારે આપણે તેના ગતિ દરનું પરિમાણ કેવી રીતે વ્યક્ત કરી શકીએ છીએ?**

**Ans**

❌ A. કુલ પ્રવેગ

❌ B. અચળ ઝડપ

✔ C. સરેરાશ વેગ

❌ D. વિસ્થાપન

Blackbook

**Q.82** એક પદયાત્રા (હાઇક) દરમિયાન, એક વ્યક્તિ 7 કિમી પૂર્વમાં અને પછી 24 કિમી ઉત્તરમાં ચાલે છે. કયું વર્ણન વ્યક્તિના પરિણામી સ્થાનાંતર સદિશ (Resultant Displacement Vector) ને સૌથી યોગ્ય રીતે દર્શાવે છે?

**Ans**
- ✗ A. પ્રારંભિક બિંદુથી ઉત્તર દિશામાં દર્શાવતો 24 km નો સદિશ
- ✗ B. પ્રારંભિક બિંદુથી ઉત્તર દિશામાં દર્શાવતો 31 km નો સદિશ
- ✗ C. પ્રારંભિક બિંદુથી પૂર્વ દિશામાં દર્શાવતો 7 km નો સદિશ
- ✓ D. પ્રારંભિક બિંદુથી ઉત્તર-પૂર્વ દિશામાં દર્શાવતો 25 km નો સદિશ

**Q.83** નીચેનામાંથી કઈ પરિસ્થિતિમાં વ્યક્તિ દ્વારા સૂટકેસ પર ઋણ કાર્ય (negative work) થતું દર્શાવવામાં આવ્યું છે?

**Ans**
- ✗ A. વ્યક્તિ સૂટકેસને પોતાના માથા ઉપર સ્થિર પકડી રાખે છે.
- ✗ B. વ્યક્તિ સૂટકેસને શિરોલંબ ઉપરની તરફ ઉંચકે છે.
- ✗ C. વ્યક્તિ સૂટકેસને છોડી દે છે જેથી તે ગુરુત્વાકર્ષણ હેઠળ મુક્તપતન કરે.
- ✓ D. વ્યક્તિ સૂટકેસને ધીમે ધીમે જમીન તરફ નીચે લાવે છે.

**Q.84** એક વસ્તુને બહિર્ગોળ લેન્સની મુખ્ય અક્ષ પર તેની કેન્દ્રલંબાઈથી બમણા અંતરે (2F પર) રાખવામાં આવે છે. તેના દ્વારા મળતા પ્રતિબિંબનો પ્રકાર અને સ્થાન કેવું હશે?

**Ans**
- ✓ A. પ્રતિબિંબ લેન્સની બીજી તરફ 2F પર મળશે; વાસ્તવિક, ઊલટું અને વસ્તુના કદ જેટલું જ
- ✗ B. પ્રતિબિંબ F અને 2F ની વચ્ચે મળશે; વાસ્તવિક, ઊલટું અને નાનું
- ✗ C. પ્રતિબિંબ મુખ્ય કેન્દ્ર પર મળશે; વાસ્તવિક, ઊલટું અને નાનું
- ✗ D. પ્રતિબિંબ અનંત અંતરે મળશે; વાસ્તવિક અને ઊલટું

**Q.85** નીચેનામાંથી કયું નિયમિત વર્તુળાકાર ગતિનું ઉદાહરણ નથી?

**Ans**
- ✗ A.
પૃથ્વીનું ભ્રમણ કરતો એક કૃત્રિમ ઉપગ્રહ.
- ✗ B.
અચળ ઝડપે ફરતી સીલિંગ પંખાની બ્લેડ.
- ✓ C.
સીધા રસ્તા પર ગબડતો દડો.
- ✗ D.
પૃથ્વીની આસપાસ ફરતો ચંદ્ર.

**Q.86** ઇલેક્ટ્રોન ધન ક્ષેત્ર (positive sphere)માં જડાયેલા(embedded) હોય છે તે વિધાન કયા મોડેલ દ્વારા સમજાવવામાં આવ્યું છે?

**Ans**
- ✓ A.
પ્લમ પુડિંગ મોડેલ
- ✗ B.
બોહરનું મોડેલ
- ✗ C.
રૂથરફોર્ડ મોડેલ
- ✗ D.
હેઇઝનબર્ગ

**Q.87** જ્યારે કાર્ય (W) અને સમય (t) આપેલ હોય ત્યારે પાવર (P) ની ગણતરી કરવા માટે કયું સૂત્ર સાચું છે?

**Ans**
- ✗ A. P = W - t
- ✗ B. P = W x t
- ✓ C. P = W/t
- ✗ D. P = W + t

**Q.88** અનુરણન (Reverberation) એ કઈ ઘટના છે?

**Ans**
- ✗ A. ધ્વનિ તરંગોના વક્રીભવનની
- ✓ B. વારંવાર થતા પરાવર્તનને કારણે ધ્વનિની સાતત્ય રહેવાની
- ✗ C. ધ્વનિનું એક વખત પરાવર્તન થવાની
- ✗ D. ધ્વનિના શોષણની

Blackbook

Get India's No 1 Vocab Preparation App for FREE : Blackbook : English Vocabulary

GET IT ON Google Play

**Q.89** વિવિધ સ્ત્રોતોમાંથી મેળવેલા પાણીના બંધારણને ધ્યાનમાં લેતા, નીચેનામાંથી કયું વિધાન 'નિશ્ચિત પ્રમાણનો નિયમ' (Law of Constant Proportions) સૌથી સારી રીતે સમજાવે છે?

**Ans**
- ✗ A. હાઇડ્રોજન અને ઓક્સિજન કોઈપણ પ્રમાણમાં જોડાઈને પાણી બનાવે છે.
- ✗ B. હાઇડ્રોજન અને ઓક્સિજન માત્ર ચોક્કસ તાપમાન અને દબાણ હેઠળ જ પાણી બનાવે છે.
- ✓ C. કોઈપણ સ્ત્રોતમાંથી મેળવેલા પાણીમાં હાઇડ્રોજન અને ઓક્સિજન હંમેશા સમાન દળ ગુણોત્તરમાં હોય છે.
- ✗ D. પાણી તેના સ્ત્રોતના આધારે હાઇડ્રોજન અને ઓક્સિજન જુદા જુદા પ્રમાણમાં ધરાવે છે.

**Q.90** નીચેનામાંથી કયું વિષમાંગ મિશ્રણ (heterogeneous mixture)નું સૌથી ઉત્તમ વર્ણન કરે છે?

**Ans**
- ✓ A. એવું મિશ્રણ કે જેમાં ઘટકો સમાન રીતે વિતરીત થયેલા ન હોય
- ✗ B. સમાન ગુણધર્મો ધરાવતા વાયુઓનું મિશ્રણ
- ✗ C. એવું મિશ્રણ કે જેમાં ઘટકો સમગ્ર મિશ્રણમાં સમાન રીતે મિશ્ર થયેલા હોય
- ✗ D. માત્ર એક જ પ્રકારના કણો ધરાવતો પદાર્થ

Section : **General Awareness**

**Q.91** ભારતમાં 2025ના ઉત્તરાર્ધ (late)માં અમલીકૃત કરાયેલા નીચેનામાંથી કયા નીતિવિષયક સુધારાએ નાઇટ શિફ્ટ્સ (night shifts)માં કામ કરતી મહિલાઓ માટે પરિવહન સુવિધાઓ સહિતની સલામતીની જોગવાઈઓ ફરજિયાત બનાવી છે?

**Ans**
- ✗ A. વિશાખા ગાઇડલાઇન્સ 2019 (Vishaka Guidelines 2019)
- ✓ B. ઓક્યુપેશનલ સેફ્ટી, હેલ્થ એન્ડ વર્કિંગ કન્ડિશન્સ કોડ, 2020 (Occupational Safety, Health and Working Conditions Code, 2020)
- ✗ C. POSH એક્ટ, અમેન્ડમેન્ટ 25, 2021 (POSH Act, amendment 25, 2021)
- ✗ D. સેફ સિટી પ્રોજેક્ટ, લેબર વર્કિંગ કન્ડિશન્સ એક્ટ 2021 (Safe City Project, labour working conditions act 2021)

**Q.92** નર્મદા પુરસ્કાર (Narmada Award) હેઠળ બાકી રહેલા ચુકવણીના પ્રશ્નોને હલ કરવા માટે જુલાઈ 2026 માં હસ્તાક્ષર કરાયેલ કરારમાં કયા રાજ્યોનો સમૂહ સામેલ હતો?

**Ans**
- ✗ A. ગુજરાત, રાજસ્થાન, ઉત્તર પ્રદેશ અને મધ્ય પ્રદેશ
- ✗ B. મહારાષ્ટ્ર, છત્તીસગઢ, ગુજરાત અને રાજસ્થાન
- ✗ C. મધ્યપ્રદેશ, ગુજરાત, તેલંગાણા અને મહારાષ્ટ્ર
- ✓ D. ગુજરાત, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર અને રાજસ્થાન

**Q.93** માર્ચ 2026માં, ભારતીય સશસ્ત્ર દળોની ટુકડી સંયુક્ત સૈન્ય અભ્યાસ "LAMITIYE-2026" ની અગિયારમી આવૃત્તિમાં ભાગ લેવા માટે નીચેનામાંથી કયા સ્થળે પહોંચી હતી?

**Ans**
- ✗ A. માલદીવ્સ
- ✗ B. થાઈલેન્ડ
- ✗ C. મોરેશિયસ
- ✓ D. સેશેલ્સ

**Q.94** ત્રીજું ભારત-ઓસ્ટ્રેલિયા વાર્ષિક શિખર સંમેલન (Third India–Australia Annual Summit) 9 જુલાઈ 2026 ના રોજ નીચેનામાંથી કયા સ્થળે યોજાયું હતું?

**Ans**
- ✓ A. મેલબોર્ન
- ✗ B. પર્થ
- ✗ C. નવી દિલ્હી
- ✗ D. ચેન્નાઈ

**Q.95** જૂન 2026માં, કોને એક્સ્ટેન્શન આપીને ડિસેમ્બર 31, 2026 સુધી સેન્ટ્રલ બોર્ડ ઓફ ડાયરેક્ટ ટેક્સીસ (CBDT)ના ચેરમેન તરીકે પુનઃનિયુક્ત કરવામાં આવ્યા હતા?

**Ans**
- ✗ A. નીતિન ગુપ્તા
- ✓ B. રવિ અગ્રવાલ (Ravi Agrawal)
- ✗ C. તુહિન કાંત પાંડે (Tuhin Kanta Pandey)
- ✗ D. સંજય મલ્હોત્રા

Get India's No 1 Vocab Preparation App for FREE : Blackbook : English Vocabulary
GET IT ON Google Play

**Q.96** જૂન 2026 માં ઉપરાષ્ટ્રપતિ સી. પી. રાધાકૃષ્ણન દ્વારા વિમોચન કરવામાં આવેલું પુસ્તક "સંસ્કૃતિર રત્ન ભંડારઃ ભાવૈયાર ઇતિબ્રિત્તો" (Sanskritir Ratna Bhandar: Bhaowaiyar Itibritto) કોના દ્વારા લખવામાં આવ્યું હતું?

**Ans**

❌ A. ડૉ. જયંત કુમાર રોય (Dr. Jayanta Kumar Roy) અને આનંદ રોય (Ananda Roy)

❌ B. જયંત મહાપાત્રા (Jayanta Mahapatra) અને સંગીતા રોય (Sangita Roy)

✔ C. ડૉ. જયંત કુમાર રોય (Dr. Jayanta Kumar Roy) અને સંગીતા રોય (Sangita Roy)

❌ D. ઉદય શંકર ભટ્ટાચાર્ય (Uday Sankar Bhattacharya) અને સંગીતા રોય (Sangita Roy)

**Q.97** જૂન 2026 માં, 20મો રાષ્ટ્રીય આંકડાકીય દિવસ (National Statistics Day) કઈ થીમ હેઠળ ઉજવવામાં આવ્યો હતો?

**Ans**

❌ A. વિકસિત ભારત માટે ડેટા-સંચાલિત શાસન (Data-Driven Governance for Viksit Bharat)

❌ B. ટકાઉ વિકાસ માટે આંકડા (Statistics for Sustainable Development)

✔ C. વહીવટી ડેટાની સંભાવનાઓને ખોલવી (Unlocking the Potential of Administrative Data)

❌ D. વૃદ્ધિ માટે સત્તાવાર આંકડાઓનો ઉપયોગ (Harnessing Official Statistics for Growth)

**Q.98** ફેબ્રુઆરી 2026 માં, ડિજિટલ ઈન્ડિયા BHASHINI ડિવિઝન (DIBD) એ બહુભાષી બેંકિંગ સેવાઓને વધારવા માટે કઈ સંસ્થા સાથે સમજૂતી કરાર (MoU) પર હસ્તાક્ષર કર્યા હતા?

**Ans**

❌ A. સ્મોલ ઇન્ડસ્ટ્રીઝ ડેવલપમેન્ટ બેંક ઓફ ઈન્ડિયા (SIDBI)

❌ B. નેશનલ પેમેન્ટ્સ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા (NPCI)

✔ C. રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (RBI)

❌ D. સિક્યુરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (SEBI)

**Q.99** ફેબ્રુઆરી 2026 માં, ગગનયાન મિશન માટે ડ્રોગ પેરાશૂટ (Drogue Parachute) નું ક્વોલિફિકેશન-લેવલ લોડ ટેસ્ટ એ DRDO દ્વારા કઈ સુવિધા (ફેસિલિટી) પર કરવામાં આવ્યું હતું?

**Ans**

✔ A. TBRL ની રેલ ટ્રેક રોકેટ સ્લેડ ફેસિલિટી, ચંદીગઢ

❌ B. એરોનોટિકલ ટેસ્ટ રેન્જ, ચિત્રદુર્ગ

❌ C. ઇન્ટિગ્રેટેડ ટેસ્ટ રેન્જ, ચાંદીપુર

❌ D. ડિફેન્સ બાયોએન્જિનિયરિંગ એન્ડ ઇલેક્ટ્રોમેડિકલ લેબોરેટરી, બેંગલુરુ

**Q.100** નવેમ્બર 2025માં યોજાયેલા નેશનલ કન્સલ્ટેશન વર્કશોપ (national consultation workshop) દરમિયાન, કઈ આંતરરાષ્ટ્રીય સંસ્થાના પ્રતિનિધિએ ભારતને વૈશ્વિક નર્સિંગ વર્કફોર્સમાં વિશ્વના સૌથી મોટા યોગદાનકર્તાઓ (contributors) પૈકીના એક તરીકે માન્યતા આપી?

**Ans**

❌ A. વર્લ્ડ ફેમિલી વેલફેર ઓર્ગેનાઇઝેશન (WFWO)

✔ B. વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઇઝેશન (WHO)

❌ C. યુનાઇટેડ નેશન્સ ચિલ્ડ્રન્સ ફંડ (UNICEF)

❌ D. ઇન્ટરનેશનલ કાઉન્સિલ ઓફ નર્સિસ (ICN)

"

Get India's No 1 Vocab Preparation App for FREE : Blackbook : English Vocabulary
GET IT ON Google Play

रेलवे भर्ती बोर्ड / RAILWAY RECRUITMENT BOARD
सीईएन ०२/२०२६ - तकनीशियन ग्रेड। सिगनल और तकनीशियन ग्रेड III
CEN 02/2026 - Technician Grade I Signal and Technician Grade III

| | |
|---|---|
| Test Date | 08/10/2026 |
| Test Time | 4:30 PM - 6:00 PM |
| Subject | RRB Technician Grade III |

*** Note**
**Correct Answer will carry 1 mark per Question.**
**Incorrect Answer will carry 1/3 Negative mark per Question.**

**1. Options shown in green color with a tick icon are correct.**
**2. Chosen option on the right of the question indicates the option selected by the candidate.**

Section : **Mathematics**

**Q.1** એક વિતરણમાં, બહુલક 18 અને મધ્યક 22 છે. તો તેનો મધ્યસ્થ શોધો.
(તમારા જવાબને બે દશાંશ સ્થાન સુધી આવરી લો.)

**Ans**
- ✗ A. 21.00
- ✓ B. 20.67
- ✗ C. 21.33
- ✗ D. 20.33

**Q.2** $\frac{\sin\theta}{\sec\theta+\tan\theta-1}+\frac{\cos\theta}{\mathrm{cosec}\theta+\cot\theta-1}$ નું મૂલ્ય શોધો.

**Ans**
- ✗ A. 2
- ✓ B. 1
- ✗ C. 0
- ✗ D. -1

**Q.3** એક ટાંકીમાં બે ઇનલેટ પાઇપ A અને B, તથા એક આઉટલેટ પાઇપ C આપેલી છે. પાઇપ A એકલી ટાંકીને સંપૂર્ણપણે 12 કલાકમાં ભરી શકે છે, જ્યારે પાઇપ B એકલી તેને 18 કલાકમાં ભરી શકે છે. બીજી તરફ, પાઇપ C સંપૂર્ણ ભરેલી ટાંકીને 36 કલાકમાં ખાલી કરી શકે છે. શરૂઆતમાં, આ ત્રણેય પાઇપ એકસાથે ખોલવામાં આવે છે અને સાથે ચાલુ રાખવામાં આવે છે. 4 કલાક કામ કર્યા પછી, આઉટલેટ પાઇપ C બંધ કરવામાં આવે છે, જ્યારે ઇનલેટ પાઇપ A અને B ચાલુ રહે છે. ટાંકીને સંપૂર્ણપણે ભરવા માટે હવે કેટલો વધારાનો સમય (કલાકમાં) લાગશે તે શોધો.

**Ans**
- ✗ A. 6
- ✗ B. 3
- ✗ C. 5
- ✓ D. 4

**Q.4** ₹2500 ની રકમ પર 18% વાર્ષિક ચક્રવૃદ્ધિ વ્યાજના દરે, વાર્ષિક ચક્રવૃદ્ધિ વ્યાજની ગણતરી મુજબ, 2 વર્ષમાં મળતું વ્યાજમુદ્દલ (રકમ) કેટલું થશે?

**Ans**
- ✓ A. ₹3481
- ✗ B. ₹4198
- ✗ C. ₹3365
- ✗ D. ₹4116

Get India's No 1 Vocab Preparation App for FREE : Blackbook : English Vocabulary
GET IT ON Google Play

**Q.5** અત્યારથી 2 વર્ષ પહેલાં, હિતેશની ઉંમર જીતેશની ઉંમર કરતાં 6 ગણી હતી. અત્યારથી 2 વર્ષ પછી, તેની ઉંમર તે સમયે જીતેશની જે ઉંમર હશે તેના કરતાં 2 ગણી હશે. તો હિતેશની વર્તમાન ઉંમર (વર્ષમાં) કેટલી છે?

**Ans**
- ✗ A. 5
- ✗ B. 6
- ✓ C. 8
- ✗ D. 7

**Q.6** જો x : 12 = 5 : 6 હોય, તો x નું મૂલ્ય કેટલું છે?

**Ans**
- ✓ A. 10
- ✗ B. 8
- ✗ C. 14
- ✗ D. 12

**Q.7** સાદું રૂપ આપો: $\dfrac{2\sin^2 A - \sin^4 A + \cos^4 A}{3\sin^4 A - 2\sin^6 A + 3\cos^4 A - 2\cos^6 A}$

**Ans**
- ✗ A. sinA
- ✗ B. secA
- ✗ C. −1
- ✓ D. 1

**Q.8** ત્રિકોણ PQR માં, બિંદુઓ S અને T અનુક્રમે PQ અને PR પર આવેલા છે, જેથી ST ∥ QR. જો PS : SQ = 4 : 7 અને PT = 12 cm, તો PR બરાબર _______ થાય.

**Ans**
- ✗ A. 27 cm
- ✗ B. 24 cm
- ✗ C. 30 cm
- ✓ D. 33 cm

**Q.9** મોહિતે એક ઘડિયાળ રમણને 8% નફા સાથે વેચી અને રમણે તે ઘડિયાળ કરણને 5% નુકસાન સાથે વેચી. જો કરણે તેના માટે ₹1,710 ચૂકવ્યા હોય, તો મોહિતે તે ઘડિયાળ કેટલા રૂપિયામાં ખરીદી હશે? (તમારા જવાબને નજીકના પૂર્ણાંકમાં દર્શાવો.)

**Ans**
- ✗ A. ₹1,617
- ✗ B. ₹1,637
- ✗ C. ₹1,697
- ✓ D. ₹1,667

**Q.10** વર્તુળના ગુણધર્મો અંગે નીચેનામાંથી કયું વિધાન સાચું નથી?

**Ans**
- ✗ A. સૌથી મોટી જીવા વર્તુળને બે સમાન ભાગમાં વિભાજિત કરે છે.
- ✗ B. વર્તુળના પરિઘ અને વ્યાસનો ગુણોત્તર અચળ હોય છે.
- ✓ C. જ્યારે જીવા કેન્દ્રની નજીક દોરવામાં આવે ત્યારે તેની લંબાઈ ઘટે છે.
- ✗ D. 7 એકમ ત્રિજ્યા ધરાવતા વર્તુળની સૌથી મોટી જીવાની લંબાઇ 14 એકમ હોય છે.

**Q.11** જો એક ગોળાની વક્રસપાટીનું ક્ષેત્રફળ 616 $cm^2$ હોય, તો તેની ત્રિજ્યા શોધો. ($\pi = \dfrac{22}{7}$ નો ઉપયોગ કરો)

**Ans**
- ✓ A. 7 cm
- ✗ B. 4 cm
- ✗ C. 6 cm
- ✗ D. 5 cm

Blackbook

Get India's No 1 Vocab Preparation App for FREE : Blackbook : English Vocabulary GET IT ON Google Play

**Q.12** બે પાઇપ, પાઇપ A અને પાઇપ B, અનુક્રમે 8 કલાક અને 12 કલાકમાં એક ટાંકીને ભરી શકે છે. જો બંને પાઇપ એકસાથે ખોલવામાં આવે, તો ટાંકીને ભરવામાં કેટલા કલાક લાગશે?

**Ans**
- ✗ A. 5.5 કલાક
- ✗ B. 10.6 કલાક
- ✗ C. 6.4 કલાક
- ✓ D. 4.8 કલાક

**Q.13** એક દુકાનદાર બેગ પરની છાપેલ કિંમતને તેની પડતર કિંમત કરતાં (3y + 8) % વધુ રાખે છે. તે છાપેલ કિંમત પર 25% છૂટ આપે છે અને 2% નફો મેળવે છે. તો yનું મૂલ્ય કેટલું છે? (તમારો જવાબ નજીકના પૂર્ણાંકમાં આવરી લો)

**Ans**
- ✗ A. 10
- ✓ B. 9
- ✗ C. 7
- ✗ D. 8

**Q.14** $\left[2^{-1}\left\{\left(\frac{3}{4}\right)^2+\left(\frac{4}{3}\right)^{-2}\right\}^{-1}\right]$ નું મૂલ્ય શોધો.

**Ans**
- ✗ A. $\frac{1}{3}$
- ✗ B. $\frac{14}{9}$
- ✓ C. $\frac{4}{9}$
- ✗ D. $\frac{2}{9}$

**Q.15** 7-અંકની સંખ્યા 236A3B9 એ 3 વડે વિભાજ્ય છે. તો (A+B) નું ન્યૂનતમ શક્ય મૂલ્ય શોધો.

**Ans**
- ✓ A. 1
- ✗ B. 4
- ✗ C. 7
- ✗ D. 10

**Q.16** એક દુકાનદાર ₹20 લેખે 15 નોટબુક ખરીદે છે અને તે બધી જ કુલ ₹360 માં વેચે છે. તો નફો કે ખોટની ટકાવારી કેટલી હશે?

**Ans**
- ✓ A. 20% નો નફો
- ✗ B. 20% ની ખોટ
- ✗ C. 25% નો નફો
- ✗ D. 15% ની ખોટ

**Q.17** બે ટ્રેન બે સ્ટેશનોથી એકસાથે શરૂ થાય છે અને એકબીજાની તરફ 72 km/hr અને 90 km/hr ની ઝડપે મુસાફરી કરે છે. જ્યારે તેઓ મળે છે, ત્યારે એક ટ્રેને બીજી ટ્રેન કરતાં 72 km વધુ અંતર કાપ્યું હોય છે. બે સ્ટેશનો વચ્ચેનું અંતર (km માં) શોધો.

**Ans**
- ✗ A. 696
- ✓ B. 648
- ✗ C. 712
- ✗ D. 674

**Q.18** એક લંબચોરસ ટાંકીની લંબાઇ અને પહોળાઇ એવી છે કે જ્યારે દરેકમાં 6 m નો વધારો કરવામાં આવે છે, ત્યારે તેમનો ગુણોત્તર 7 : 5 થાય છે. જ્યારે દરેકમાં 8 m નો ઘટાડો કરવામાં આવે છે, ત્યારે તેમનો ગુણોત્તર 1: 3 થાય છે. ટાંકીની પહોળાઇ શોધો.

**Ans**
- ✗ A. 3.00 મીટર
- ✗ B. 2.25 મીટર
- ✗ C. 2.50 મીટર
- ✓ D. 2.75 મીટર

Blackbook

Get India's No 1 Vocab Preparation App for FREE : Blackbook : English Vocabulary

GET IT ON Google Play

**Q.19** 2 વર્ષ પછી, એક ચોક્કસ મુદ્દલ પર વાર્ષિક વ્યાજ દરે, મળનાર ચક્રવૃદ્ધિ વ્યાજ (વાર્ષિક રીતે ચક્રવૃદ્ધિ પામતું) અને સાદા વ્યાજ વચ્ચેનો તફાવત ₹720 છે. જો મુદ્દલ અને વાર્ષિક વ્યાજ દર બંનેવ બમણા કરવામાં આવે, તો 2 વર્ષ પછી ચક્રવૃદ્ધિ વ્યાજ અને સાદા વ્યાજ વચ્ચેનો નવો તફાવત કેટલો હશે?

**Ans**
- ✔ A. ₹5,760
- ✘ B. ₹2,880
- ✘ C. ₹4,320
- ✘ D. ₹5,040

**Q.20** એક કાર અંતરનો એક-તૃતીયાંશ ભાગ 30 km/h ની ઝડપે, બીજો એક-તૃતીયાંશ ભાગ 60 km/h ની ઝડપે અને બાકીનો એક-તૃતીયાંશ ભાગ 90 km/h ની ઝડપે કાપે છે. તો કારની સરેરાશ ઝડપ (km/h માં) શોધો.

**Ans**
- ✘ A. 536/11
- ✘ B. 545/11
- ✔ C. 540/11
- ✘ D. 548/11

**Q.21** એક ત્રિકોણની બાજુઓ 13 : 14 : 15 ના ગુણોત્તરમાં છે અને તેની પરિમિતિ 42 cm છે. તો તે ત્રિકોણનું ક્ષેત્રફળ કેટલું છે?

**Ans**
- ✘ A. 120 $cm^2$
- ✘ B. 168 $cm^2$
- ✘ C. 42 $cm^2$
- ✔ D. 84 $cm^2$

**Q.22** એક વ્યક્તિએ ₹57500 નું 8% વાર્ષિક સાદા વ્યાજના દરે 3 વર્ષ માટે રોકાણ કર્યું છે. 3 વર્ષ પછી તેને મળનારી વ્યાજમુદ્દલ (રકમ) (₹ માં) શોધો.

**Ans**
- ✘ A. 13800
- ✔ B. 71300
- ✘ C. 72300
- ✘ D. 14800

**Q.23** એક ડીલર દ્વારા માર્ચ મહિના દરમિયાન શનિવાર અને રવિવાર સિવાયના દિવસોમાં પ્રતિ દિવસ વેચાયેલી કારની સરેરાશ સંખ્યા 136 છે. રવિવારના દિવસોમાં પ્રતિ દિવસ વેચાયેલી કારની સરેરાશ સંખ્યા 138 છે. જો પ્રથમ શનિવાર 3જી માર્ચે આવતો હોય અને સમગ્ર મહિના દરમિયાન પ્રતિ દિવસ વેચાયેલી કારની સરેરાશ સંખ્યા 199 હોય, તો શનિવારના દિવસોમાં પ્રતિ દિવસ વેચાયેલી કારની સરેરાશ સંખ્યા કેટલી હશે?

**Ans**
- ✘ A. 520
- ✔ B. 525
- ✘ C. 528
- ✘ D. 521

**Q.24** સંખ્યાઓ 5, 2x, 14, 18, 21 નો મધ્યસ્થ 14 છે. જો x એ ધન પૂર્ણાંક (positive integer) હોય, તો x ની કેટલા સંભવિત મૂલ્યો મળશે?

**Ans**
- ✘ A. 3
- ✘ B. 4
- ✔ C. 7
- ✘ D. 5

**Q.25** જો k ના 20% એ 25 ના 1200% કરતા 10 ઓછા હોય, તો k ______ થાય.

**Ans**
- ✘ A. 1430
- ✔ B. 1450
- ✘ C. 1490
- ✘ D. 1410

Section : **General Intelligence and Reasoning**

Blackbook

Get India's No 1 Vocab Preparation App for FREE : **Blackbook : English Vocabulary**

GET IT ON Google Play

**Q.26** COMPUTE શબ્દમાં દરેક સ્વરને અંગ્રેજી મૂળાક્ષરોના ક્રમમાં તેના તરત જ પછી આવતા અક્ષર વડે બદલવામાં આવે અને દરેક વ્યંજનને અંગ્રેજી મૂળાક્ષરોના ક્રમમાં તેના તરત જ પહેલા આવતા અક્ષર વડે બદલવામાં આવે, તો આ રીતે બનતા અક્ષરોના નવા જૂથમાં નીચેનામાંથી કયો અક્ષર ડાબી બાજુથી ચોથા સ્થાને આવશે?

Ans
- ✗ A. H
- ✗ B. J
- ✗ C. P
- ✓ D. O

**Q.27** શ્રી. Z પોઈન્ટ Y થી ડ્રાઈવ કરવાનું શરૂ કરે છે અને દક્ષિણ તરફ 3 km ડ્રાઈવ કરે છે. પછી તે ડાબે વળે છે 6 km ડ્રાઈવ કરે છે, ડાબે વળે છે અને 9 km ડ્રાઈવ કરે છે. ત્યારબાદ તે ડાબો વળાંક લે છે અને 15 km ડ્રાઈવ કરે છે. તે છેલ્લો ડાબો વળાંક લઈને 6 km ડ્રાઈવ કરે છે અને પોઈન્ટ Z પર રોકાય છે. પોઈન્ટ Y પર ફરીથી પહોંચવા માટે તેણે કેટલું દૂર (સૌથી ઓછું અંતર) અને કઈ દિશામાં ડ્રાઈવ કરવું જોઈએ? (બધા વળાંકો ફક્ત 90 અંશ (ડિગ્રી) ના વળાંકો છે સિવાય કે ઉલ્લેખિત હોય.)

Ans
- ✗ A. 7 km દક્ષિણ તરફ
- ✗ B. 5 km પૂર્વ તરફ
- ✗ C. 2 km ઉત્તર તરફ
- ✓ D. 9 km પૂર્વ તરફ

**Q.28** નીચે આપેલી શ્રેણીમાં પ્રશ્નચિહ્ન (?) ના સ્થાને શું આવવું જોઈએ?

**9 14 21 30 41 ?**

Ans
- ✗ A. 50
- ✓ B. 54
- ✗ C. 49
- ✗ D. 52

**Q.29** વિકલ્પોમાંથી કયો અક્ષર-સંખ્યા સમૂહ નીચે આપેલી શ્રેણીમાં પ્રશ્નચિહ્ન (?) ના સ્થાને આવીને શ્રેણીને તાર્કિક રીતે પૂર્ણ કરશે?

**DGJL GJMO ? MPSU PSVX**

Ans
- ✗ A. JMRP
- ✗ B. JMSP
- ✓ C. JMPR
- ✗ D. JMPS

**Q.30** વિકલ્પોમાંથી તે જોડીને પસંદ કરો જે એ જ પેટર્નને અનુસરે છે જે નીચે આપેલી બે જોડીઓ દ્વારા અનુસરવામાં આવે છે. બંને જોડીઓ સમાન પેટર્નને અનુસરે છે.
**SUX–TVY**
**GIL–HJM**

Ans
- ✗ A. TUW–TVY
- ✗ B. TUW–UWZ
- ✗ C. TVY–TWY
- ✓ D. TVY–UWZ

**Q.31** Z એ N ની માતા છે. N એ T ની બહેન છે. O એ U ના પિતા છે. U એ T નો પતિ છે. Z નો O સાથે શું સંબંધ છે?

Ans
- ✗ A. પત્નીની બહેન
- ✓ B. પુત્રની પત્નીની માતા
- ✗ C. માતા
- ✗ D. બહેન

Get India's No 1 Vocab Preparation App for FREE : Blackbook : English Vocabulary
GET IT ON Google Play

**Q.32** અંગ્રેજી મૂળાક્ષરોના ક્રમના આધારે, નીચે આપેલા ચાર અક્ષર-સમૂહમાંથી ત્રણ અમુક ચોક્કસ રીતે સમાન છે અને તેથી એક જૂથ બનાવે છે. કયો અક્ષર-સમૂહ તે જૂથ સાથે સંબંધિત નથી?
(નોંધ: અલગ પડતો અક્ષર-સમૂહ વ્યંજનો/સ્વરોની સંખ્યા અથવા અક્ષર સમૂહમાં તેમની સ્થિતિ/સ્થાન પર આધારિત નથી.)

**Ans**
- ✗ A. MKG
- ✗ B. OMI
- ✗ C. GEA
- ✓ D. SPM

**Q.33** જો '+' અને '−' ની પરસ્પર અદલાબદલી કરવામાં આવે અને '×' અને '÷' ની પણ પરસ્પર અદલાબદલી કરવામાં આવે, તો નીચેના સમીકરણમાં પ્રશ્નચિહ્ન (?) ના સ્થાને શું આવશે?
231 ÷ 3 − 721 × 7 + 24 = ?

**Ans**
- ✗ A. 771
- ✗ B. 774
- ✓ C. 772
- ✗ D. 773

**Q.34** જો SKYLINE શબ્દના દરેક અક્ષરને અંગ્રેજી મૂળાક્ષરોના ક્રમ મુજબ ગોઠવવામાં આવે, તો કેટલા અક્ષરોનું સ્થાન યથાવત (અપરિવર્તિત) રહેશે?

**Ans**
- ✗ A. એકપણ નહીં
- ✗ B. ત્રણ
- ✗ C. બે
- ✓ D. એક

**Q.35** એક પ્રશ્ન પછી (I) અને (II) થી ક્રમાંકિત બે વિધાનો આપવામાં આવ્યા છે. તમારે નક્કી કરવાનું છે કે વિધાનોમાં આપેલી માહિતી એ પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે કે નહીં. બંને વિધાનોને વાંચીને સૌથી યોગ્ય જવાબ પસંદ કરો.

પ્રશ્ન:
પાંચ પ્રોજેક્ટ્સ – ઓરિયન, નિમ્બસ, વર્ટેક્સ, પલ્સ અને ઝેનિથ – એક જ અઠવાડિયાના સોમવારથી શુક્રવાર દરમિયાન અલગ અલગ દિવસે પૂર્ણ થયા હતા. પલ્સ કયા દિવસે પૂર્ણ થયો હતો?

વિધાનો:
(I) પલ્સ એ ઝેનિથના એક દિવસ પહેલા પૂર્ણ થયો હતો.
(II) ઝેનિથ એ શુક્રવારના રોજ પૂર્ણ થયો હતો.

**Ans**
- ✓ A. વિધાન I અને II માં આપેલી માહિતીને એકસાથે લેતા (અને વિધાન I અથવા વિધાન II ની માહિતીને એકલી રીતે ધ્યાનમાં ન લેતા) તે પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે.
- ✗ B. વિધાન I અને II માં આપેલી માહિતીને એકસાથે લેતા તે પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી નથી.
- ✗ C. વિધાન II માં આપેલી માહિતી એકલી જ પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે, જ્યારે કે વિધાન I માં આપેલી માહિતી પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી નથી.
- ✗ D. વિધાન I માં આપેલી માહિતી એકલી જ પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે, જ્યારે કે વિધાન II માં આપેલી માહિતી પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી નથી.

**Q.36** નીચે આપેલી અક્ષર શ્રેણીનો સંદર્ભ લો અને તેની નીચે આપેલા પ્રશ્નનો જવાબ આપો. ગણતરી ફક્ત ડાબી બાજુથી જમણી બાજુ કરવાની છે.

(ડાબી બાજુ) E S Y C X Z O W Y O N F H G U K M H G U K T V A Q E F I H G K (જમણી બાજુ)

એવા કેટલા વ્યંજનો છે, જે દરેકની તરત જ પહેલા એક સ્વર આવે છે અને તરત જ પછી પણ એક સ્વર આવે છે?

**Ans**
- ✗ A. એક
- ✓ B. બે
- ✗ C. ત્રણ
- ✗ D. એકપણ નહીં

Blackbook

Get India's No 1 Vocab Preparation App for FREE : Blackbook : English Vocabulary

GET IT ON Google Play

Q.37 નીચે આપેલી અક્ષર શ્રેણીનો સંદર્ભ લો અને તેની નીચે આપેલા પ્રશ્નનો જવાબ આપો.

(ડાબી બાજુ) I T A H K I J B A S I K P A H C L E F I R A H (જમણી બાજુ)

આપેલી શ્રેણીમાં જમણા છેડેથી સાતમા અક્ષર અને ડાબા છેડેથી ત્રીજા અક્ષરની વચ્ચે અંગ્રેજી મૂળાક્ષરોના ક્રમમાં કેટલા અક્ષરો આવે છે?

Ans
- ✔ A. દસ
- ✘ B. બાર
- ✘ C. નવ
- ✘ D. અગિયાર

Q.38 એક ચોક્કસ કોડ (સંકેત) ભાષામાં, 'TERM' ને '3812' તરીકે અને 'RATE' ને '1438' તરીકે કોડ કરવામાં આવે છે. આપેલી ભાષામાં 'A' માટેનો કોડ શું છે?

Ans
- ✔ A. 4
- ✘ B. 1
- ✘ C. 3
- ✘ D. 2

Q.39 નીચે આપેલી શ્રેણીમાં પ્રશ્નચિહ્ન (?) ના સ્થાને શું આવવું જોઈએ?

28, 32, 40, 52, 68 ?

Ans
- ✘ A. 89
- ✔ B. 88
- ✘ C. 87
- ✘ D. 86

Q.40 એક ચોક્કસ કોડ ભાષામાં, 'chest wife sip' ને 'wv ua nv' તરીકે કોડ કરવામાં આવે છે અને 'sip unit ghost' ને 'ef wv ie' તરીકે કોડ કરવામાં આવે છે. આપેલી ભાષામાં 'sip' માટેનો કોડ શું છે?

Ans
- ✘ A. ua
- ✘ B. nv
- ✔ C. wv
- ✘ D. ef

Q.41 A, B, C, D, E અને F એક જ ઈમારતના છ અલગ અલગ માળ પર રહે છે. ઈમારતમાં સૌથી નીચેના માળને 1, તેની ઉપરના માળને 2 અને તે મુજબ ઉપરના માળોને ક્રમાંક આપેલા છે, સૌથી ઉપરના માળનો ક્રમાંક 6 છે.
D અને C જે માળ પર રહે છે તેનો ગુણાકાર 10 છે. A એ E ની તરત જ ઉપરના માળ પર રહે છે. B અને D જે માળ પર રહે છે તેનો સરવાળો 11 છે.
A અને C જે માળ પર રહે છે તેનો ગુણાકાર કેટલો કેટલો છે?

Ans
- ✔ A. 8
- ✘ B. 2
- ✘ C. 4
- ✘ D. 6

Q.42 જો નીચે આપેલા સમીકરણમાં '+' અને '×' ની પરસ્પર અદલાબદલી કરવામાં આવે તેમજ '-' અને '÷' ની પરસ્પર અદલાબદલી કરવામાં આવે, તો સમીકરણમાં પ્રશ્નચિહ્ન '?' ના સ્થાને શું આવશે?
7 × 32 - 4 + 5 ÷ 12 = ?

Ans
- ✔ A. 35
- ✘ B. 87
- ✘ C. 63
- ✘ D. 17

Blackbook

Get India's No 1 Vocab Preparation App for FREE : Blackbook : English Vocabulary
GET IT ON Google Play

Q.43 સાત બોક્સ, A, B, C, D, G, H અને I, એકની ઉપર બીજો એમ રાખવામાં આવ્યા છે, પરંતુ તે જરૂરી નથી કે તે સમાન ક્રમમાં હોય.
D ને સૌથી નીચેથી બીજા ક્રમે રાખવામાં આવ્યું છે. D અને C ની વચ્ચે ફક્ત ત્રણ બોક્સ રાખવામાં આવ્યા છે. I ને D ની નીચેના સ્થાનોમાંથી એક પર રાખવામાં આવ્યું છે. ફક્ત H ને C અને B ની વચ્ચે રાખવામાં આવ્યું છે. A ને C ની ઉપરના સ્થાનોમાંથી એક પર રાખવામાં આવ્યું છે.
G અને C ની વચ્ચે કેટલા બોક્સ રાખવામાં આવ્યા છે?

Ans
- ✗ A. ચાર
- ✗ B. ત્રણ
- ✗ C. એક
- ✓ D. બે

Q.44 જો '+' અને '−' ની પરસ્પર અદલાબદલી કરવામાં આવે અને '×' અને '÷' ની પણ પરસ્પર અદલાબદલી કરવામાં આવે, તો નીચેના સમીકરણમાં પ્રશ્નચિહ્ન (?) ના સ્થાને શું આવશે?
105 − 90 × 6 ÷ 3 + 110 = ?

Ans
- ✗ A. 44
- ✓ B. 40
- ✗ C. 42
- ✗ D. 45

Q.45 સાત લોકો, L, M, N, O, X, Y અને Z એક હરોળમાં ઉત્તર તરફ મુખ કરીને બેસે છે. N એ Y ની ડાબી બાજુએ ત્રીજા સ્થાને બેસે છે. O એ N ની ડાબી બાજુએ બીજા સ્થાને બેસે છે. X એ Z ની તરત જ જમણી બાજુએ બેસે છે. X અને L ની વચ્ચે ત્રણ કરતાં વધુ લોકો બેસે છે. O અને N ની બરાબર વચ્ચે કોણ બેસે છે?

Ans
- ✗ A. L
- ✗ B. X
- ✗ C. Z
- ✓ D. M

Q.46 અંગ્રેજી મૂળાક્ષરોના ક્રમના આધારે GDSV એ અમુક ચોક્કસ રીતે LBXT સાથે સંબંધિત છે. તે જ રીતે, QZCR એ VXHP સાથે સંબંધિત છે. આ સમાન તર્કને અનુસરીને, AVMN એ નીચેનામાંથી કયા વિકલ્પ સાથે સંબંધિત છે?

Ans
- ✗ A. GUSK
- ✗ B. ESQM
- ✓ C. FTRL
- ✗ D. GSQL

Q.47 આ પ્રશ્નમાં, નીચે આપેલા સંખ્યા/પ્રતીકના સમૂહને આપેલા કૂટ (Code) અને ત્યારબાદ આપેલી શરતો અનુસાર અક્ષર કૂટનો ઉપયોગ કરીને કૂટબધ્ધ કરવામાં આવે છે. શરતોને અનુસરતા કૂટ (code) નું યોગ્ય સંયોજન એ તમારો જવાબ છે. જો કોઈ પણ શરતો લાગુ પડતી ન હોય, તો કોષ્ટકમાં આપ્યા મુજબ સંબંધિત સંખ્યા/પ્રતીક માટેના કૂટને સીધા જ અનુસરવાના રહેશે.

| સંખ્યા/પ્રતીક | 4 | @ | 1 | # | 8 | % | 3 | & | 6 | $ | 2 | + | 9 | 5 |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| કૂટ (Code | J | M | H | T | A | P | K | F | B | R | D | U | L | Q |

શરતો –
(i) જો પહેલું અને છેલ્લું તત્ત્વ (ઘટક) એક સંખ્યા હોય અને પહેલું તત્ત્વ (ઘટક) એ છેલ્લા તત્ત્વ (ઘટક) કરતાં એક નાની સંખ્યા હોય, તો પહેલા તત્ત્વ (ઘટક) ને છેલ્લા તત્ત્વ (ઘટક) ના કૂટ તરીકે કૂટબધ્ધ કરવું પડશે.
(ii) જો બીજું અને ચોથું તત્ત્વ (ઘટક) એક પ્રતીક હોય, તો આ બે (બીજા અને ચોથા તત્ત્વો) માટેના કૂટને એકબીજાની સાથે બદલવા પડશે.
(iii) જો ત્રીજું તત્ત્વ (ઘટક) એક એકી સંખ્યા હોય, તો ત્રીજા તત્ત્વ (ઘટક) ને © તરીકે કૂટબધ્ધ કરવું પડશે.

નીચે આપેલી સંખ્યાઓના સમૂહ માટેનો કૂટ (Code) શું છે?
28369

Ans
- ✗ A. LAKBD
- ✓ B. LA©BL
- ✗ C. LAKBL
- ✗ D. DAKBL

Blackbook

Get India's No 1 Vocab Preparation App for FREE : Blackbook : English Vocabulary
GET IT ON Google Play

**Q.48** એક પ્રશ્ન પછી (I) અને (II) થી ક્રમાંકિત બે વિધાનો આપવામાં આવ્યા છે. તમારે નક્કી કરવાનું છે કે વિધાનોમાં આપેલી માહિતી એ પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે કે નહીં. બંને વિધાનોને વાંચીને સૌથી યોગ્ય જવાબ પસંદ કરો.

પ્રશ્ન:
A, B, C, D અને E વર્તુળાકાર મેજની ફરતે એના કેન્દ્ર તરફ મુખ કરીને બેસેલ છે. B ની લગોલગ જમણી બાજુએ કોણ બેસેલ છે.

વિધાનો:
(I) B એ A ની લગોલગ જમણી બાજુએ બેસેલ છે. C એ E ની લગોલગ ડાબી બાજુએ બેસેલ છે.
(II) D એ A ની જમણી બાજુએ બીજા સ્થાને બેસેલ છે. C એ D ની લગોલગ જમણી બાજુ બેસેલ છે.

**Ans**
- ✗ A. વિધાન I માં આપેલી માહિતી એકલી જ પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે, જ્યારે કે વિધાન II માં આપેલી માહિતી પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી નથી.
- ✗ B. વિધાન I અને II માં આપેલી માહિતીને એકસાથે લેતા તે પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી નથી.
- ✗ C. વિધાન II માં આપેલી માહિતી એકલી જ પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે, જ્યારે કે વિધાન I માં આપેલી માહિતી પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી નથી.
- ✓ D. વિધાન I અને II માં આપેલી માહિતીને એકસાથે લેતા તે પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે.

**Q.49** અંગ્રેજી મૂળાક્ષરોના ક્રમના આધારે, નીચે આપેલા ચાર અક્ષર-સમૂહમાંથી ત્રણ અમુક ચોક્કસ રીતે સમાન છે અને તેથી એક જૂથ બનાવે છે. કયો અક્ષર-સમૂહ તે જૂથ સાથે સંબંધિત નથી?
(નોંધ: અલગ પડતો અક્ષર-સમૂહ વ્યંજનો/સ્વરોની સંખ્યા અથવા અક્ષર સમૂહમાં તેમની સ્થિતિ/સ્થાન પર આધારિત નથી.)

**Ans**
- ✗ A. ACZ
- ✗ B. OQN
- ✗ C. MOL
- ✓ D. FIE

**Q.50** અમુક ચોક્કસ તર્કને અનુસરીને 8 એ 63 સાથે સંબંધિત છે. તે જ તર્કને અનુસરીને, 10 એ 99 સાથે સંબંધિત છે. સમાન તર્કને અનુસરીને 12 એ આપેલા વિકલ્પોમાંથી કયા વિકલ્પની સાથે સંબંધિત છે?
(નોંધ: સંખ્યાઓને તેમના ઘટક અંકોમાં વિભાજિત કર્યા વિના, પૂર્ણ સંખ્યાઓ પર ક્રિયાઓ (Operations) કરવાની રહેશે. દા.ત. 13 લો – 13 આ સંખ્યા પર ક્રિયાઓ, જેમ કે 13 માં સરવાળો/ બાદબાકી/ ગુણાકાર વગેરે પૂર્ણ 13 પર કરી શકાય છે. 13 ને 1 અને 3 માં જુદી પાડીને ત્યારબાદ 1 અને 3 પર ગાણિતિક ક્રિયાઓ કરવાની છૂટ નથી.)

**Ans**
- ✓ A. 143
- ✗ B. 144
- ✗ C. 145
- ✗ D. 146

Section : **General Science**

**Q.51** જીવંત સજીવોના વર્ગીકરણ માટે વૈજ્ઞાનિક પદ્ધતિ રાખવાનું કારણ નીચેનામાંથી કયું છે?

**Ans**
- ✓ A. સજીવોના નામકરણ અને જૂથ બનાવવામાં ગૂંચવણ ટાળવી
- ✗ B. સજીવોના આયુષ્યને માપવું
- ✗ C. પાકના ઉત્પાદનમાં સુધારો કરવો
- ✗ D. સજીવોમાં પ્રજનન વધારવું

**Q.52** નીચેનામાંથી કયું વૈજ્ઞાનિકો દ્વારા સજીવોનું વર્ગીકરણ કરવાનું એક કારણ છે?

**Ans**
- ✗ A. તમામ પ્રજાતિઓ સમાન બને તેની ખાતરી કરવી
- ✗ B. બધા સજીવોને જિનેટિક રીતે (જનીનીક રીતે) સમાન બનાવવા
- ✗ C. સજીવોના કુદરતી નિવાસસ્થાન બદલવા
- ✓ D. સજીવોને સમાનતાઓ અને ભિન્નતાઓ (તફાવતો) દ્વારા વ્યવસ્થિત ગોઠવવા

**Q.53** જો કોઈ પદાર્થ પર તેની ગતિની દિશામાં જ અચળ બળ કાર્ય કરતું હોય, તો કાર્ય-ઊર્જા પ્રમેય તેની ગતિ ઊર્જા વિશે શું કહે છે?

**Ans**
- ✗ A. પદાર્થની ગતિ ઊર્જા ઘટે છે.
- ✗ B. પદાર્થની ગતિ ઊર્જા સમાન રહે છે.
- ✓ C. પદાર્થની ગતિ ઊર્જા વધે છે.
- ✗ D. માત્ર સ્થિતિ ઊર્જામાં ફેરફાર થાય છે.

Blackbook

Get India's No 1 Vocab Preparation App for FREE : Blackbook : English Vocabulary
GET IT ON Google Play

**Q.54** નીચેનામાંથી કઈ વાસ્તવિક દુનિયાની પરિસ્થિતિ એ વાતનું સૌથી સારું ઉદાહરણ આપે છે કે માનવ પ્રવૃત્તિ કેવી રીતે ઇકોસિસ્ટમમાં જૈવવિવિધતા (biodiversity) ઘટાડી શકે છે?

**Ans**
- ✗ A. પ્રાણીઓનું નવા પ્રદેશમાં સ્થળાંતર કરવું
- ✓ B. વનનાબૂદી (ડિફોરેસ્ટેશન) જેને કારણે પ્રજાતિઓ નાશ પામે છે
- ✗ C. ઘાસના મેદાનમાં કુદરતી ઉત્તરાધિકાર (succession)
- ✗ D. પક્ષીઓનું મોસમી સ્થળાંતર

**Q.55** નીચેનામાંથી કયા વનસ્પતિ જૂથોમાં ભેજવાળી દિવાલ પર ઉગતા લીલા સાદ (mat) જેવા છોડનો સમાવેશ થાય છે, જેમાં સાચા મૂળ અને વાહિની પેશીઓનો અભાવ હોય છે?

**Ans**
- ✗ A. ત્રિઅંગી (pteridophyta)
- ✓ B. દ્વિઅંગી (Bryophyta)
- ✗ C. લાઈકેન (Lichen)
- ✗ D. એકાંગી (thallophyta)

**Q.56** નીચેનામાંથી કયો સૂચક એસિડિક દ્રાવણમાં લાલ અને બેઝિક દ્રાવણમાં વાદળી રંગનો થઇ જાય છે?

**Ans**
- ✓ A. લિટમસ
- ✗ B. ફિનોલ્ફથેલીન
- ✗ C. મિથાઇલ ઓરેંજ
- ✗ D. હળદર

**Q.57** નીચેનામાંથી કોણ સમુદ્રી સપાટીના પ્રવાહો (surface ocean currents) પેદા કરવામાં સીધો ભાગ ભજવતું નથી?

**Ans**
- ✗ A. પૃથ્વીનું પરિભ્રમણ
- ✗ B.
સમુદ્રની સપાટીનું તાપમાન
- ✓ C. સમુદ્ર પર થતા વરસાદનું પ્રમાણ
- ✗ D. સમુદ્ર પર ફૂંકાતો પવન

**Q.58** લાંબા અંતર સુધી ચેતા આવેગોનું વહન કરવા માટે, ન્યુરલ પ્રોસ્થેટિકે (ચેતાકૃત્રિમ અંગ) ચેતાકોષના કયા ભાગનું અનુકરણ કરવું જોઈએ?

**Ans**
- ✗ A. કોષકાયની નજીક આવેલી શાખાઓ જેવા શિખાતંતુઓ
- ✗ B. કોષકેન્દ્ર ધરાવતું કોષકાય
- ✗ C. ચેતાકોષના અંતમાં આવેલા ચેતાંતો (synaptic terminals)
- ✓ D. મજ્જાપડ (myelin sheath) ધરાવતો લાંબો અક્ષતંતુ

**Q.59** એક સમાંગ મિશ્રણ (homogeneous mixture) માં તેના દ્રાવણમાંથી શુદ્ધ ઘન પદાર્થ અલગ કરવા માટે સામાન્ય રીતે કઈ પદ્ધતિનો ઉપયોગ થાય છે?

**Ans**
- ✓ A. સ્ફટિકીકરણ (Crystallization)
- ✗ B. નિતારણ (Decantation)
- ✗ C. નિસ્યંદન (Distillation)
- ✗ D. ગાળણ (Filtration)

**Q.60** કઈ પરિસ્થિતિમાં અચળ બળ દ્વારા થતું કાર્ય શૂન્ય થાય છે?

**Ans**
- ✓ A. એક બળ ગતિની દિશાને લંબરૂપે લાગે છે
- ✗ B. એક બળ ગતિની દિશાને સમાંતર કાર્ય કરે છે
- ✗ C. એક બળ વિસ્થાપનની વિરુદ્ધ દિશામાં લાગે છે
- ✗ D. એક બળ ગતિની દિશા સાથે લઘુકોણ બનાવે છે

Blackbook

Get India's No 1 Vocab Preparation App for FREE : Blackbook : English Vocabulary GET IT ON Google Play

**Q.61** જો તમે રમતના મેદાનમાં તમારાથી સમાન અંતરે રહેલા તમારા મિત્રને બૂમ પાડો છો, અને તે મિત્ર લોખંડના (steel) પાટાના બીજા છેડાને અડીને ઊભો છે, તો તમારા મિત્રને તમારો અવાજ કયા માધ્યમ દ્વારા સૌથી પહેલા સંભળાશે અને શા માટે?

**Ans**

✔ A. લોખંડના પાટા દ્વારા, કારણ કે ધ્વનિની ગતિ હવાની સરખામણીમાં ઘન પદાર્થોમાં ખૂબ જ વધુ હોય છે.

✘ B. રમતના મેદાનની હવા દ્વારા, કારણ કે ધ્વનિ ઘન પદાર્થો કરતાં હવામાં વધુ સરળતાથી ગતિ કરે છે.

✘ C. લોખંડના પાટા દ્વારા, કારણ કે ઘન પદાર્થો હવાની સરખામણીમાં દરેક અવાજને વધુ તીવ્ર બનાવે છે.

✘ D. રમતના મેદાનની હવા દ્વારા, કારણ કે ધ્વનિ લોખંડમાંથી અસરકારક રીતે ગતિ કરી શકતો નથી.

**Q.62** ટિન્ડલ અસર (Tyndall effect) ને કારણે કલિલીય મિશ્રણની હાજરીની ખાતરી કરવા માટે કઈ પદ્ધતિનો શ્રેષ્ઠ ઉપયોગ કરી શકાય છે?

**Ans**

✘ A. મિશ્રણને કેટલાક કલાકો સુધી ખલેલ પહોંચાડ્યા વિના સ્થિર રહેવા દેવું

✘ B.
દ્રાવકનું બાષ્પીભવન કરવા માટે મિશ્રણને ગરમ કરવું

✔ C. મિશ્રણમાંથી પ્રકાશપુંજ પસાર કરવો અને વિખરાયેલા પ્રકાશનું અવલોકન કરવું

✘ D. ફિલ્ટર પેપરનો ઉપયોગ કરીને મિશ્રણનું ગાળણ કરવું

**Q.63** એક માણસ સપાટ જમીન પર નિયમિત-એકધારી ઝડપે એક ભારે થેલીને સમક્ષિતિજ દિશામાં ઉઠાવીને ચાલી રહ્યો છે. ગતિની દિશામાં માણસ દ્વારા થેલી પર લાગુ પાડવામાં આવેલા બળ વડે થતું કાર્ય કેટલું છે?

**Ans**

✘ A. માણસ થેલીને આગળ લઈ જતો હોવાથી થયેલું કાર્ય ધન છે.

✘ B. થેલી ભારે હોવાને કારણે થયેલું કાર્ય ઋણ છે.

✘ C. બળ ગતિનો વિરોધ કરતું હોવાથી થયેલું કાર્ય ઋણ છે.

✔ D. થયેલું કાર્ય શૂન્ય છે કારણ કે બળ વિસ્થાપનને લંબ રૂપ છે.

**Q.64** એક સાયકલ સવાર તેની મુસાફરીના પ્રથમ 6 કિલોમીટર 20 મિનિટમાં અને પછીના 9 કિલોમીટર 30 મિનિટમાં કાપે છે. સમગ્ર પ્રવાસ દરમિયાન તેની સરેરાશ ઝડપ કેટલા કિલોમીટર પ્રતિ કલાક (km/h) હશે?

**Ans**

✘ A. 12 km/h

✘ B. 15 km/h

✔ C. 18 km/h

✘ D. 20 km/h

**Q.65** કઈ વર્ધનશીલ પેશી અમુક વનસ્પતિઓના તલસ્થ ભાગે (આધાર ભાગે) આવેલી હોય છે અને તેને કપાયા પછી પુનઃજીવિત (પુનઃવૃદ્ધિ પામવામાં) થવામાં મદદ કરે છે?

**Ans**

✘ A. અગ્રસ્થ વર્ધનશીલ

✘ B. પાર્શ્વીય વર્ધનશીલ

✔ C. આંતર્વિષ્ટ વર્ધનશીલ

✘ D. ઘેરાવાની વર્ધનશીલ

**Q.66** r ત્રિજ્યા ધરાવતું એક વર્તુળાકાર કોઇલ I પ્રવાહ ધરાવે છે. જો કોઇલના આંટાની સંખ્યા બમણી કરવામાં આવે (ત્રિજ્યા અને પ્રવાહ સમાન રાખીને), તો તેના કેન્દ્ર પર ચુંબકીય ક્ષેત્ર _____

**Ans**

✔ A. બમણું થશે.

✘ B. ચાર ગણું થશે.

✘ C. બદલાશે નહીં.

✘ D. ઘટીને અડધું થશે.

**Q.67** જ્યારે નિશ્ચિત લંબાઈના એક સીધા વાહક તારને સમાન ચુંબકીય ક્ષેત્રમાં મૂકવામાં આવે છે અને તેમાંથી પસાર થતો વિદ્યુતપ્રવાહ બમણો કરવામાં આવે છે, ત્યારે વાહક પર લાગતું બળ પણ બમણું થાય છે. નીચેનામાંથી કયો અંતર્ગત સિદ્ધાંત આ સમપ્રમાણતાના સંબંધને સમજાવે છે?

**Ans**

✘ A. બળ ચુંબકીય ક્ષેત્રની દિશા દ્વારા નક્કી થાય છે.

✘ B. બળ માત્ર વાહક તારની લંબાઈ પર આધાર રાખે છે.

✘ C. બળ એ વિદ્યુતપ્રવાહના વ્યસ્ત પ્રમાણમાં હોય છે.

✔ D. બળ એ વિદ્યુતપ્રવાહના સમપ્રમાણમાં હોય છે.

Blackbook

Get India's No 1 Vocab Preparation App for FREE : Blackbook : English Vocabulary

GET IT ON Google Play

**Q.68** શા માટે રાસાયણિક પ્રક્રિયાઓ દરમિયાન પરમાણુમાં પ્રોટોનની સંખ્યા ક્યારેય બદલાતી નથી?

**Ans**
- ✗ A. પ્રોટોન સરળતાથી અન્ય પરમાણુઓમાં સ્થાનાંતર કરે છે
- ✗ B. પ્રોટોન ઇલેક્ટ્રોન વાદળમાં રહે છે
- ✓ C. પ્રોટોન ન્યુક્લિયસમાં મજબૂતાઈથી જકડાયેલા હોય છે
- ✗ D. પ્રોટોન ન્યુટ્રોન બનાવવા માટે ઇલેક્ટ્રોન સાથે જોડાય છે

**Q.69** પ્રકાશનું એક કિરણ હવામાંથી કાચના પ્રિઝમમાં પ્રવેશે છે. પ્રિઝમમાં પ્રવેશતાં પ્રકાશની ઝડપમાં કયો ફેરફાર થાય છે?

**Ans**
- ✓ A. પ્રિઝમની અંદર પ્રકાશની ઝડપ ઘટે છે
- ✗ B. પ્રકાશની ઝડપ યથાવત રહે છે
- ✗ C. પ્રિઝમની અંદર પ્રકાશની ઝડપ વધે છે
- ✗ D. કાચમાં પ્રકાશ અનંત ઝડપે ગતિ કરે છે

**Q.70** પરમાણુના દળાંક (mass number) ની ગણતરીમાં ઇલેક્ટ્રોનનો સમાવેશ કેમ કરવામાં આવતો નથી?

**Ans**
- ✗ A. ઇલેક્ટ્રોન પ્રોટોન અને ન્યુટ્રોન કરતાં સંખ્યામાં વધુ હોય છે
- ✗ B. ઇલેક્ટ્રોન પ્રોટોન અને ન્યુટ્રોન કરતાં ભારે હોય છે
- ✗ C. ઇલેક્ટ્રોન માત્ર પરમાણુનો વિદ્યુતભાર નક્કી કરે છે
- ✓ D. પ્રોટોન અને ન્યુટ્રોનની તુલનામાં ઇલેક્ટ્રોનનું દળ નહિવત્ હોય છે

**Q.71** નીચેનામાંથી કયો વિકલ્પ નિલંબન (suspension)ને યોગ્ય રીતે વર્ણવે છે?

**Ans**
